સભાગૃહમાં રજૂ થયા તા. ...............

10 MAR 2017

सत्यमेव जयते

# જાહેર હિસાબ સમિતિ

## તેરમી ગુજરાત વિધાનસભા

## પાંચમો અહેવાલ

(સન ૨૦૧૨-૧૩ના વર્ષના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ
(સ્થાનિક સંસ્થાઓ) પરનો અહેવાલ)

(ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત)

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**

**ગાંધીનગર**

**(કિંમત - ............)**

# જાહેર હિસાબ સમિતિ

**(સન ૨૦૧૬–૧૭)**

## પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

## સભ્યશ્રીઓ

શ્રી પરબતભાઈ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશ શાહ

શ્રી જગરૂપસિંહ રાજપૂત

શ્રી ભૂષણભાઈ ભટ્ટ

શ્રી શૈલેષભાઈ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી બાવકુભાઈ ઉંધાડ

શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી દુષ્યંતભાઈ પટેલ

શ્રી રણજીતભાઈ ગીલીટવાલા

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ

શ્રીમતી ડી.બી.શાહ, સેકશન અધિકારી

## પ્રાસ્તાવિક

૧. હું, જાહેર હિસાબ સમિતિનો પ્રમુખ, સમિતિ વતી સમિતિનો સન ૨૦૧૨-૧૩ના વર્ષના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (સ્થાનિક સંસ્થાઓ)ને લગતો તેરમી ગુજરાત વિધાનસભાનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

૨. બંધારણના ૭૩ અને ૭૪મા સુધારાઓએ પંચાયતી રાજ સંસ્થાઓ તથા શહેરી સ્થાનિક સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપ્યો છે અને તેમના સમાન માળખા, નિયમિત ચૂંટણી, નાણાપંચ દ્વારા ભંડોળનો નિયમિત પ્રવાહ વગેરેની વ્યવસ્થા કરી છે. તેના ઉપલક્ષ્યમાં આ સંસ્થાઓ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા તરીકે તેમના કાર્યો કરી શકે તે માટે રાજ્ય સરકારે તેવી સત્તાઓ, કાર્યક્ષેત્રો અને જવાબદારીઓ સોંપવાની હતી. ખાસ કરીને બંધારણના ૧૧ તથા ૧૨મા પરિશિષ્ટમાં સામેલ કરાયેલી આર્થિક વિકાસની અને સામાજિક ન્યાયની યોજનાઓ માટે સ્થાનિક સંસ્થાઓએ યોજનાઓ તૈયાર કરી તેનું અમલીકરણ કરવાનું હતું.

૩. રાજ્ય સરકારે સન ૨૦૧૧માં સી.એ.જી. (ડી.પી.સી.) એક્ટ ૧૯૭૧ની કલમ ૨૦(૧) અન્વયે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને સ્થાનિક સંસ્થાઓના હિસાબોના ઓડિટ પર ટેકનિકલ માર્ગદર્શન અને દેખરેખની કામગીરી સોંપી છે. આ હેતુ માટે સંબંધિત અધિનિયમોમાં સુધારા કરીને લોકલ ફંડ એક્ઝામીનરનો ઓડિટ અહેવાલ/CAGના અહેવાલ સાથે રાજ્યની વિધાનસભા સમક્ષ રજૂ કરવાની જોગવાઇ કરવામાં આવી છે.

૪. સન ૨૦૧૨-૧૩ના સી.એ.જી.ના સ્થાનિક સંસ્થાઓના અહેવાલમાં પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ અને શિક્ષણ વિભાગનો સમાવેશ થયેલ છે.

૫. સમિતિની તા.૧૭/૮/૧૫, તા.૧૫/૬/૧૬, તા.૨૮/૬/૧૬, તા.૧૯/૭/૧૬ અને તા.૨૪/૮/૧૬ ના રોજ મળેલ બેઠકોમાં ઉક્ત વિભાગોની તપાસ હાથ ધરવામાં આવી હતી.

૬. સમિતિની **તા.૭/૦૨/૨૦૧૭ના** રોજ મળેલી બેઠકમાં સમિતિએ આ અહેવાલને મંજૂરી આપી હતી.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

૭. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે સન ૨૦૧૨-૧૩ના વર્ષના સ્થાનિક સંસ્થાઓને લગતા ઓડિટ રિપોર્ટના વિગતવાર ખુલાસા તા.૨૭/૭/૨૦૧૫ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલી આપ્યા હતા. તે સંબંધમાં વિભાગની વિગતવાર તપાસ તા.૧૭/૮/૧૫ અને તા.૧૫/૬/૧૬ના રોજ રાખવામાં આવેલ હતી.

૮. વિભાગે મોકલી આપેલ વિગતવાર ખુલાસાના અનુસંધાને વિભાગના પ્રતિનિધિઓ સાથે થયેલી રૂબરૂ ચર્ચા દરમિયાન અહેવાલમાં સમાવિષ્ટ જે ફકરાઓ સંબંધમાં સમિતિને સંતોષ થયો હતો તે ફકરાઓનો સમિતિએ નિકાલ કર્યો હતો, પરંતુ જે ફકરાઓ સંબંધમાં સમિતિએ કોઈ અવલોકન અથવા ભલામણો કરી હતી, તે અંગેની વિગતો નીચે મુજબ છે.

**ફકરા ક્રમાંકઃ ૩.૬.૧ (હિસાબી વ્યવસ્થા)**

૯. આ ફકરા અંગે સી.એ.જી. એ અવલોકન કર્યું હતું કે તેરમા નાણાંપંચની ભલામણો અનુસાર હિસાબી વ્યવસ્થા અને હિસાબી પત્રકો રાષ્ટ્રીય નગરપાલિકા હિસાબી મેન્યુઅલ દ્વારા સૂચવાયેલ કોડ અપનાવવાની પધ્ધતિ સાથે સુસંગત કરીને તેનો અમલ ૨૦૧૧-૧૨માં કરવાનો હતો. આ રીતે નગરપાલિકા હિસાબી મેન્યુઅલ (NMAM) મુજબ દરેક શહેરી સ્થાનિક સંસ્થાએ અક્રૂઅલ આધારિત/વાસ્તવિક દ્વિનોંધી નામા પધ્ધતિ અપનાવવાની હતી.

૧૦. મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓએ સન ૨૦૦૬-૦૭ થી અક્રૂઅલ આધારિત/ વાસ્તવિક દ્વિનોંધી નામાપધ્ધતિ અપનાવેલ છે. NMAMમાં નિર્ધારિત કરાયું છે કે દરેક રાજયોએ સ્ટેટ સ્પેસીફીક નગરપાલિકા હિસાબી મેન્યુઅલ વિકસાવવું જોઇએ તેમ છતાં ઓડિટ નિરીક્ષણ પરથી જાણવા મળેલ છે કે નગરપાલિકા હિસાબી મેન્યુઅલ મંજૂરી માટે સપ્ટેમ્બર-૧૩ સુધી રાજ્ય સરકાર પાસે પડી રહ્યું હતું. આ રીતે રાજયની બધી જ શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા સુસંગત હિસાબી પધ્ધતિ અપનાવવામાં વિલંબ થયો હતો. વધુમાં તમામ ૧૫૯ નગરપાલિકાઓના ૨૦૧૨-૧૩ના વર્ષ માટેના વાર્ષિક હિસાબો એપ્રિલ-૨૦૧૪ સુધી પૂર્ણ કરવામાં આવ્યા ન હતા.

૧૧. ઓડિટના ઉકત નિરીક્ષણ સંબંધમાં વિભાગે મોકલી આપેલ વિગતવાર ખુલાસામાં જણાવ્યાનુસાર બધી જ નગરપાલિકાઓમાં વર્ષ ૨૦૦૫-૦૬થી નેશનલ મ્યુનિસિપલ એકાઉન્ટ મેન્યુઅલ મુજબ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ પધ્ધતિ અમલમાં છે. આમ છતાં ડ્રાફ્ટ મ્યુનિસિપલ એકાઉન્ટ મેન્યુઅલ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મંજૂરી માટે રજૂ કરાયેલ છે, જે વિભાગની સક્રિય વિચારણા હેઠળ છે. તેમજ ૧૫૯ નગરપાલિકાઓ સંબંધે વર્ષ ૨૦૧૨-૧૩ માટેના વાર્ષિક હિસાબો પૂર્ણ કરાયેલ છે.

૧૨. ઉકત ખુલાસા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ તા.૧૭/૮/૧૫ના રોજ રાખવામાં આવેલ હતી. સમિતિએ હિસાબી મેન્યુઅલ બની ગયા છે કે કેમ, તેવી પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે હિસાબી મેન્યુઅલ તૈયાર થઇ ગયા છે અને કાયદા વિભાગની મંજૂરી માટે મોકલી આપેલ છે. કાયદા વિભાગ ફાઇનલ કરે પછી તેનું અમલીકરણ કરવામાં આવશે. **નગરપાલિકા હિસાબી મેન્યુઅલ સપ્ટેમ્બર ૨૦૧૩માં સરકારની મંજૂરી માટે મોકલવામાં આવ્યા પછી તેના બે વર્ષ બાદ ઓગષ્ટ-૧૫માં સમિતિની બેઠક વખતે વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે હિસાબી મેન્યુઅલ કાયદા વિભાગમાં વેટ કરાવવા માટે મોકલવામાં આવેલ હોવાથી તે કાયદા વિભાગમાં પડતર**

**છે. તત્સમયે અગ્ર સચિવ કક્ષાએ આ બાબતમાં રસ લેવા અને જરૂરી ફોલોઅપ કરીને તમામ વહીવટી પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરી નગરપાલિકા હિસાબી મેન્યુઅલનો ત્વરિત અમલ કરવા સમિતિએ ભલામણ કરી હતી. આ બાબતને દોઢ વર્ષ જેટલો સમય થવા આવ્યો હોવાથી સમિતિ માને છે કે નગરપાલિકા હિસાબી મેન્યુઅલને સરકારની મંજૂરી મળી ગઈ હશે અને તેનું અમલીકરણ શરુ થઈ ગયું હશે. આ બાબતની અદ્યતન પરિસ્થિતિથી સમિતિને માહિતગાર કરવા સમિતિ ભલામણ કરે છે. જો હજુ પણ આ બાબત પડતર રહેવા પામી હોય તો તેના માટે જે કોઈ જવાબદાર હોય તેની સામે જરૂરી કાર્યવાહી કરવા અને હવે વધુ વિલંબ ન કરતાં સત્વરે તેનો અમલ થાય તે જોવા સમિતિ ભલામણ કરે છે.**

**ફકરા ક્રમાંકઃ ૪.૧.૬ મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ નિયમોનું અમલીકરણ**

૧૩. મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ ના યોગ્ય સંચાલન માટે MSW નિયમોના શિડયુલ–IIમાં ઘન કચરાનું વર્ગીકરણ કરી તેનો સંગ્રહ,એકત્રીકરણ, પરિવહન તથા પ્રક્રિયા કરી તેનો કેવી રીતે નિકાલ કરવો તે દર્શાવેલ છે.

૧૪. દરેક નગરપાલિકાનું સત્તામંડળ, નગરપાલિકાના કાર્યક્ષેત્રના વિસ્તારની અંદર MSW નિયમોના અમલીકરણ અને ઘન કચરાના નિકાલ માટેના માળખાકીય વિકાસ માટે જવાબદાર રહેશે. આ પ્રવૃત્તિઓના અમલીકરણ માટે દરેક નગરપાલિકાના સત્તામંડળે કચરાના પ્રકારને ઓળખી તેના કાર્યક્ષેત્રના વિસ્તારમાં ઉત્પન્ન થનાર કચરાની આકારણી કરવાની રહેશે.

૧૫. સમિતિને મોકલવામાં આવેલા વિગતવાર ખુલાસામાં વિભાગે જણાવ્યા મુજબ નગરપાલિકા નિયામકશ્રી દ્વારા તા. ૨૭–૮–૨૦૧૪ અને તા. ૬–૦૭–૨૦૧૫ના પત્રોથી બધી જ નગરપાલિકાઓને MSW નિયમો, ૨૦૦૦નું પાલન કરવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલ છે.

૧૬. સમિતિ સમક્ષ તા. ૧૫મી જૂન, ૨૦૧૬ના રોજ રુબરુ તપાસ વખતે ઉપસ્થિત થયેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે ડમ્પીંગ સાઈટ , કચરાનું વર્ગીકરણ, ઘન કચરો નાખવા માટેની જગ્યા વગેરે બાબતો માટે કોઈ સ્પષ્ટ નિયમો હોવા જોઈએ. તેમના જણાવ્યા મુજબ એપ્રિલ–૨૦૧૬માં ભારત સરકારે મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ રુલ્સ, ૨૦૧૬ બહાર પાડેલ છે અને દરેક નગરપાલિકાએ આ રુલ્સનું પાલન કરવાનું છે. આ સંબંધમાં એક **State policy for solid waste management** પણ બનાવવાનું કેન્દ્ર સરકારે જણાવેલ છે. વિભાગ તરીકે આ નિયમોની અમલવારી થાય એની કાળજી રાખવામાં આવશે.

૧૭. **સમિતિને લાગે છે કે ઉપર જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ રુલ્સ, ૨૦૧૬ બહાર પાડવામાં આવેલા છે અને તેના અનુસંધાનમાં State policy for solid waste management પણ બનાવવામાં આવનાર છે પરંતુ આ બધી પ્રક્રિયામાં સમય**

જશે. આથી શક્ય તેટલા વહેલા આ નિયમોને આખરી ઓપ આપવા અને તેનું નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ દ્વારા પાલન કરવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે. નવા નિયમો બને ત્યાં સુધી સન ૨૦૦૦ની સાલમાં બનેલા નિયમો અસ્તિત્વમાં છે તેનું ચુસ્તપણે પાલન થાય તે દિશામાં તકેદારી રાખવા સમિતિ ભલામણ કરે છે.

૧૮. આ ફકરાની તપાસ વખતે સમિતિના સભ્યો દ્વારા અમદાવાદના પિરાણા ડમ્પીંગ સાઈટ પર કચરાના ઊંચા ઢગ ખડકાયા છે તેની ઊંચાઈ નિયમોથી વિરુધ્ધની છે તેમજ તે જગ્યાએ કચરાને બાળવાને કારણે પર્યાવરણને નુકસાન થાય છે તેથી પીરાણા ખાતે કચરાનું ડમ્પીંગ બંધ કરવામાં આવે તેમજ કેટલાક ઉદ્યોગો દ્વારા સાબરમતી નદીમાં દૂષિત પાણી છોડવામાં આવે છે તે બંધ કરાવવા સંબંધમાં ઉદ્યોગો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સંબંધે તેમજ ગાંધીનગરથી નજીકમાં આવેલા કલોલ શહેરની નજીક પીયજ રોડ પર કચરો નિયત ડમ્પીંગ સાઈટના બદલે અન્યત્ર ઠાલવવામાં આવે છે તે અટકાવવા અંગે તેમજ સૈજપુર ગામના સ્ટોર્મ ડ્રેનેજના ગામતળના નાળા પર અનધિકૃત દબાણ થયેલ છે. પરિણામે વરસાદી પાણીનો નિકાલ થતો નથી અને વરસાદી પાણી ગામમાં ઘૂસી જાય છે.નામદાર હાઈકોર્ટ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કુદરતી પાણીના નિકાલને અવરોધી શકાય નહી તેવા ચૂકાદા આપવામાં આવેલ છે તે જોતાં સૈજપુર ગામના ગામતળના સ્ટોર્મ ડ્રેનેજના નાળા ઉપર થયેલ અનધિકૃત દબાણો તાત્કાલિક દૂર કરવા તેમજ કડી તાલુકાના ઈન્દ્રાડ ગામની આજુબાજુમાં આવેલ ફેકટરીઓ દ્વારા જમીનમાં મોટા હોલ બનાવી દૂષિત પાણી જમીનમાં ઠાલવવામાં આવે છે અને તેને કારણે કેટલાક ખેડૂતોના બોરમાંથી દૂષિત પાણી નીકળતું હોવાની ફરિયાદો સંબંધમાં વિભાગના પ્રતિનિધિનું ધ્યાન દોર્યું હતું. વિભાગના પ્રતિનિધિએ આ સંબંધમાં યોગ્ય તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેમ સમિતિને જણાવ્યું હતું. આથી સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉકત તમામ ફરિયાદો સંબંધે તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા અને જરૂર જણાય ત્યાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તપાસ કરાવી યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

**ફકરા ક્રમાંકઃ ૪.૧.૬.૨ MSWનું વર્ગીકરણ**

૧૯. **MSWના** વર્ગીકરણ માટે MSW નિયમોના શીડયુલ–II માં જણાવેલ માપદંડ પ્રમાણે મ્યુનિસિપલ સત્તા મંડળ જુદા જુદા પ્રકારના કચરાને વર્ગીકૃત કરવા અને વર્ગીકૃત સામગ્રીની ફરી પ્રક્રિયા અથવા તો ફરી ઉપયોગના ઉત્તેજન માટે નાગરિકો અને પ્રજાજનોને પ્રોત્સાહિત કરવા માટે સ્થાનિક વેલ્ફેર એસોસીએશન અને NGOs સાથે મીટીંગ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરશે.

તેમ છતાં ઓડિટમાં જણાયું કે નમૂના તપાસવાળી નગરપાલિકાઓમાંથી એકપણ નગરપાલિકામાં ઉત્પાદનના તબક્કે જાગૃતિ કાર્યક્રમ અને કચરાના વર્ગીકરણ માટે પ્રોત્સાહિત

કરવાના કાર્યક્રમો કરવામાં આવેલ ન હતા. વધુમાં એવું જણાયું હતું કે નમૂના તપાસવાળી ૪૧ નગરપાલિકામાંથી ૩૭ નગરપાલિકામાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટમાં પણ કચરાનું વર્ગીકરણ કરવામાં આવ્યું ન હતું.

૨૦. ઉકત બાબત અંગે વિભાગે મોકલી આપેલ વિગતવાર ખુલાસામાં વિભાગના જણાવ્યાનુસાર નિયામકશ્રી, નગરપાલિકાઓ દ્વારા તા.૨૭/૮/૨૦૧૪ અને તા.૬/૭/૨૦૧૫ના પત્રોથી બધી જ નગરપાલિકાઓને MSW નિયમો-૨૦૦૦નું પાલન કરવા અંગેની સૂચનાઓ પણ આપવામાં આવેલ છે. ઘન કચરાના ઉત્પાદન અને એકત્રિકરણના સમયે તથા નગરપાલિકાઓમાં ઉપલબ્ધ વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ સાઈટ પર ઘન કચરાનું વર્ગીકરણ કરવા બાબતની સૂચનાઓ આપવામાં આવેલ છે. નગરપાલિકાઓના સ્તરે જનજાગૃતિ અભિયાન અંગેના કાર્યક્રમો યોજવા અંગેની સૂચનાઓ પણ આપવામાં આવેલ છે.

૨૧. વિભાગે મોકલી આપેલ ખુલાસા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ તા.૧૫/૬/૨૦૧૬ના રોજ રાખવામાં આવી હતી. વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ સંબંધમાં વિભાગના પ્રતિનિધિના જણાવ્યાનુસાર હાલમાં ૮૫ નગરપાલિકાઓ દ્વારા વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ અમલમાં છે. બાકીની ૧૩ નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટનું કામ ચાલુ છે. કેન્દ્ર સરકાર દ્વારા પણ આપણા રાજયની ખાતર કંપનીઓને અલગ અલગ નગરપાલિકાઓની ફાળવણી કરવામાં આવેલ છે અને વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ દ્વારા જે કંઈ ખાતર તૈયાર થાય છે એ ખાતરનું ઈફકો,ક્રીભકો, જીએનએફસી અને જીએસએફસીના વેચાણ કેન્દ્રો દ્વારા વેચાણ કરાય છે. સમિતિએ કેટલી નગરપાલિકાઓ પાસે હાલ વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ છે ? તેવી પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ૧૬૨ નગરપાલિકામાંથી ૯૩ નગરપાલિકા પાસે વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ છે. સમિતિએ માત્ર ૯૩ નગરપાલિકામાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ છે તે બાબતે નારાજગી વ્યકત કરી હતી. **આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ તમામ નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ ઉભા થાય એના માટે વિભાગે ખાસ કાળજી લેવા સમિતિ ભલામણ કરે છે.**

**ફકરા ક્રમાંક:૪.૧.૬.૩. MSWનું એકત્રીકરણ**

૨૨. MSWના એકત્રીકરણ માટે, MSW નિયમોના શીડ્યુલ-IIમાં જણાવેલ માપદંડ મુજબ, શહેરોમાં, નગરોમાં અને રાજય સરકારે જાહેર કરેલ શહેરી વિસ્તારોમાં MSWના ઢગલા કરવાની મનાઈ છે. MSWના ઢગલા થતા અટકાવવા અને આ સંબંધમાં ઠરાવવામાં આવેલા નિયમોના અનુપાલનની સગવડ પૂરી પાડવા માટે મ્યુનિસિપલ સત્તામંડળે જરૂરી પગલાં લેવાના થાય છે. આમ છતાં આ સંબંધમાં ઓડિટ દરમ્યાન નીચે મુજબની ત્રુટિઓ જોવા મળી હતી.

## (૧) **કચરાના એકત્રીકરણનો રેકોર્ડ ન નિભાવવો.**

૨૩. ઉક્ત વિષય સંબંધમાં ઓડિટ દ્વારા એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે MSWને લગતી ઉક્ત જોગવાઇઓ હોવા છતાં MSWના સંદર્ભમાં નમૂના તપાસ હેઠળની એક પણ નગરપાલિકા દ્વારા MSWના એકત્રીકરણ માટે રોકેલા વાહનોની લોગબૂક અથવા કચરાના એકત્રીકરણને લગતો અન્ય યોગ્ય રેકોર્ડ રાખવામાં આવ્યો ન હતો તેથી નગરપાલિકામાં નિયમિત રીતે કચરાના એકત્રીકરણ માટેની પ્રમાણીત સુઆયોજીત સીસ્ટમનું અમલીકરણ થયું હતું કે નહીં તે ઓડિટમાં જાણી શકાયું ન હતું.

૨૪. વિભાગ દ્વારા મોકલવામાં આવેલા વિગતવાર ખુલાસામાં જણાવ્યા અનુસાર નગરપાલિકા દ્વારા ઘન કચરાના એકત્રીકરણ અંગેના દફતરો જાળવવામાં આવે છે પદ્ર ક અને ડ વર્ગની નગરપાલિકાઓ દ્વારા ઘન કચરાના ઉત્પાદનના અહેવાલો નગરપાલિકાના અધિકારીના સહી સિક્કા સાથે વિભાગને તથા ગુજરાત પ્રદૂષણ બોર્ડને મોકલવામાં આવે છે. વધુમાં, લેખિત ખુલાસામાં જણાવ્યું હતું કે ઘન કચરાના એકત્રીકરણના દફતરોની જાળવણી કરવા અંગેની સૂચના આપવામાં આવે છે.

૨૫. વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ દરમિયાન સમિતિએ કરેલી પૃચ્છાના અનુસંધાને વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે **જે તે સમયે MSWના એકત્રીકરણ માટે રોકેલા વાહનોની લોગબૂકની નિભાવણી થતી ન હતી તે સત્ય છે.આના અનુસંધાને સમિતિ બધી નગરપાલિકાઓ દ્વારા MSWના નિયમોનું ચૂસ્તપણે પાલન થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી ભલામણ કરે છે.**

## (૨) **MSW સાથે બાયોમેડીકલ વેસ્ટની ભેળસેળ**

૨૬. બાયોમેડીકલ વેસ્ટ(BMW)નો નિકાલ/હેરફેર BMW નિયમો ૧૯૯૮ને અનુરૂપ થવો જોઇએ તથા MSW શિડ્યુલ–II ના નિયમોની જોગવાઇ મુજબ BMW ની MSW સાથે ભેળસેળ ન કરવી જોઇએ.આવા કચરાનો નિકાલ અલગથી નિર્દિષ્ટ નિયમો મુજબ કરવો જોઇએ તેમ છતાં સ્થળ મુલાકાત દરમિયાન ઓડિટમાં જણાયું હતું કે ૪૧ નમૂના તપાસની નગરપાલિકામાંથી ૨૪ નગરપાલિકામાં BMWની MSW સાથે ભેળસેળ કરવામાં આવતી હતી, જે પર્યાવરણને નુકસાનકર્તા થઇ શકે. હોસ્પિટલોમાં આવી ભેળસેળ થતાં દર્દીઓ, તેના કુટુંબીજનો, હોસ્પિટલનો સ્ટાફ અને મુલાકાતીઓ માટે જોખમરૂપ થાય તેમ છે. વન અને પર્યાવરણ વિભાગે પણ નવેમ્બર,૨૦૧૩માં ઉક્ત બાબતનો સ્વીકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે જીપીસીબી BMW નિયમોનો ભંગ કરનારની સામે ઉગ્ર પગલાં લેશે અને જો કોઇ સ્વાસ્થ્ય સંભાળ કેન્દ્ર(HCU) **MSW** કચરાપેટીમાં BMWનો નિકાલ કરતાં માલુમ પડશે તો તેવા HCUને બંધ કરવાનો હુકમ જારી કરવામાં આવશે.

૨૭. આ સંબંધમાં વિભાગ તરફથી મોકલી આપવામાં આવેલ ખુલાસામાં જણાવ્યા અનુસાર MSW રૂલ્સના ભંગ કે જેમાં BMWનો MSW સાથે ભેળસેળનો પણ સમાવેશ થાય છે તે માટે ૪૬ નગરપાલિકાઓને પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમ-૫ હેઠળ નોટિસ ઓફ ડાઈરેકશન આપવામાં આવેલ છે તેમજ જો કોઇ HCU દ્વારા MSW કચરા પેટીમાં BMWના નિકાલ કરતુ જોવામાં આવશે તો તેની સામે જીપીસીબી દ્વારા પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમ-૫ હેઠળ કલોઝરના હુકમો પણ કરવામાં આવશે.

## (૩) બાગાયતી અને બાંધકામના કચરાની MSW સાથે ભેળસેળ

૨૮. બાગાયતી અને બાંધકામ / બાંધકામ તોડવાનો કચરો અથવા કાટમાળ, તેનો યોગ્ય ધોરણો મુજબ અલગ રીતે એકત્રિત કરી અને નિકાલ કરવો જોઇએ તેમ છતાં ઓડિટમાં સંયુકત સ્થળ મુલાકાતમાં ૪૧ નમૂના તપાસવાળી નગરપાલિકામાંથી ૩૯ નગરપાલિકામાં આવો કચરો અલગ રીતે એકત્રિત કરવામાં આવતો ન હતો. આ અંગે વિભાગે જણાવ્યું હતું કે નિયમોની જોગવાઈનો ભંગ કરનાર બાંધકામકર્તા સામે સખત પગલાં લેવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામા આવેલ છે.

૨૯. આ અંગે વિભાગે મોકલી આપેલ વિગતવાર ખુલાસામાં જણાવવામાં આવ્યું છે કે જીયુડીસી દ્વારા ૫૬ "ક" અને "ડ" વર્ગની નગરપાલિકાઓને વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ સાઈટ પર મોકલવામાં આવતા ઘન કચરાના ટ્રીટમેન્ટ બાબતે તાંત્રિક તેમજ નાણાકીય સહાય કરવામાં આવે છે. તેમજ અન્ય અ, બ, ક અને ડ વર્ગની નગરપાલિકાઓ દ્વારા હોર્ટીકલ્ચર અને કન્સ્ટ્રકશન વેસ્ટનું નિયમન તેઓ દ્વારા કરવામાં આવે છે. નિયામકશ્રી, નગરપાલિકાઓ દ્વારા પણ સમયાંતરે બાગાયતી અને બાંધકામ વેસ્ટની ભેળસેળ ન થવા બાબતે સૂચનાઓ આપવામાં આવી છે.

૩૦. વિભાગે મોકલી આપેલ ખુલાસા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ દરમિયાન વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે MSWના એકત્રીકરણનો રેકર્ડ નિભાવવામાં આવેલ નથી તે અંગેના ઓડિટ પેરા સંબંધમાં અત્યારની પરિસ્થિતિ પ્રમાણે ૧૩૧ નગરપાલિકા આ અંગેનો રેકોર્ડ અને દફતર રાખે છે. આ બાબતમાં જીપીસીબીએ કોમ્પ્લાયન્સ માટે ૪૬ નગરપાલિકાને સેકશન-૫ હેઠળ નોટિસ પણ આપી હતી. બાકીની ૩૧ નગરપાલિકાનું કોમ્પ્લાયન્સ જૂન-૧૬ ના અંત સુધીમાં કરાવી દેવાની ખાતરી આપી હતી.તેમણે વધુમાં જણાવ્યું હતું કે બાયોમેડીકલ વેસ્ટમાં ૧૩૫ નગરપાલિકાનું કોમ્પ્લાયન્સ છે તે અને બાકી રહેતી ૨૭ નગરપાલિકાની અમલવારી કરાવી દેવામાં આવશે.

૩૧. સમિતિએ MSW સાથે બાયોમેડીકલ વેસ્ટની ભેળસેળ અંગે ગંભીર ચિંતા વ્યકત કરી હતી. કારણ કે બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવામાં ન આવે તો તેના કારણે લોકોના આરોગ્ય પર ખૂબ મોટો ખતરો ઉભો થઇ શકે છે. તપાસણી દરમિયાન સમિતિના ધ્યાને એ બાબત આવી હતી કે બાયોમેડીકલ વેસ્ટ સાથે સોલીડ વેસ્ટની ભેળસેળ કરનાર

સામે દંડનીય કાર્યવાહી કરવાની જોગવાઇ કાયદામાં કરવામાં આવેલ નથી. ફકત લાઇટ કે પાણીના કનેકશન કાપવાની જોગવાઇ છે. આથી **સમિતિ ભલામણ કરે છે કે બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ ન કરતી હોય તેવી હોસ્પિટલ/ક્લિનિકો સામે શિક્ષાત્મક કાર્યવાહી રૂપે ઉંચા-આર્થિક દંડની જોગવાઇ કરવી જોઇએ. જેથી આવી કાર્યવાહી કરનારની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થઇ શકે. આ માટે કેન્દ્રીય કાયદામાં સુધારો કરવા માટે રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને ભલામણ કરે તેવી પણ સમિતિ ભલામણ કરે છે.**

૩૨. **વધુમાં આર્થિક દંડ કરવાની સત્તા મ્યુનિસિપલ કોર્પોરેશન કાયદામાં મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે તેમજ મ્યુનિસિપાલિટીના કાયદામાં મ્યુનિસિપાલિટી પાસે છે. આ સત્તાનો ઉપયોગ કરીને બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ ન થતો હોય તેવી હોસ્પિટલો/ક્લિનિકો સામે દંડની કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

**ફકરા ક્રમાંકઃ ૪.૧.૬.૪ મ્યુનિસિપલ ઘન કચરાનો સંગ્રહ**

૩૩. MSW નિયમોના શિડયુલ- II મુજબ નગરપાલિકાના સત્તામંડળોએ, MSWના સંગ્રહની સગવડ બિન આરોગ્યપ્રદ અને અસ્વચ્છતાની સ્થિતિ ઉભી ન થાય એવી રીતે સ્થાપી તેનો નિભાવ કરવાનો રહે છે તથા આવી સગવડ કચરાના જથ્થાની અને વસ્તીની ગીચતાની ગણતરી કરીને સ્થાપિત કરવાની રહે છે. તેમજ આ બધા કચરા માટે લીલા, સફેદ અને કાળા રંગની કચરાપેટીઓનો ઉપયોગ કરવાનો રહે છે. મોટાભાગની નગરપાલિકા દ્વારા આ ધોરણોનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું આડિટના ધ્યાન પર આવ્યું હતું. આમ છતાં ઓડિટમાં જણાયું હતું કે નગરપાલિકાઓ દ્વારા ફકત લીલા અને કાળા કલરના કન્ટેઇનર્સ આપવામાં આવ્યા હતા. ૪૧ નગરપાલિકાની સંયુકત સ્થળ મુલાકાત દરમિયાન ઓડિટના ધ્યાને આવ્યુ હતુ કે કોઇપણ નગરપાલિકા દ્વારા એક જ ખાસ જગ્યાએ જુદા જુદા રંગના કન્ટેઇનર્સ મૂકવામાં આવેલ ન હતા. જયારે ૧૨ નગરપાલિકામાં કન્ટેઇનર્સ MSWથી ઉભરાતા હતા.

૩૪. ડિસેમ્બર, ૨૦૧૩માં વિભાગે ઓડિટને જણાવ્યું હતું તે મુજબ નગરપાલિકાઓની જરૂરિયાતો નક્કી કરવા માટેનો સર્વેક્ષણ પ્રગતિમાં છે અને સર્વેક્ષણ પૂરો થયા બાદ જીયુડીસી દ્વારા નગરપાલિકાને સફેદ કચરાપેટીઓ પૂરી પાડવામાં આવશે.

૩૫. વિભાગે મોકલેલા લેખિત ખુલાસામાં જણાવ્યા મુજબ જીયુડીસી દ્વારા રૂા.૧૦૨ કરોડના ખર્ચે ૭૫,૮૦૦ નંગ સાધનો/વાહનો નગરપાલિકાઓને તેઓની જરૂરિયાત, ઘન કચરાનું ઉત્પાદન વગેરેનું તાંત્રિક પૃથ્થકરણની કાર્યવાહી બાદ વિતરણ કરવામાં આવેલ છે. તેમજ નગરપાલિકાઓને નિયામકશ્રી નગરપાલિકા દ્વારા તા.૨૭/૮/૧૪ અને તા.૬/૭/૧૫ ના પત્રોથી આરોગ્યપ્રદ પર્યાવરણ જાળવવા અને MSWનો યોગ્ય રીતે કન્ટેઇનર્સમાં સંગ્રહ કરી વહન કરવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

૩૬. ઉક્ત ફકરા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રુબરૂ તપાસ રાખવામાં આવી હતી. ચર્ચા દરમ્યાન સમિતિએ મ્યુનિસિપાલિટીને ત્રણ કલરના કન્ટેઇનરને બદલે ગ્રીન અને કાળા કલરના એમ બે જ કલરના કન્ટેઈનર શા માટે આપવામાં આવ્યા અને નિયમોના શિડ્યુલ–II નું પાલન શા માટે કરવામાં આવતું નથી તેવી પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે એક બે કિસ્સામાં ટેન્ડર ફાઈનલ ન થવાના કારણે અને રેટના કારણે આમ થવા પામેલ છે.

૩૭. **MSWના નિકાલ માટેના નિયમોના શિડ્યુલ–II માં ઠરાવેલા ધોરણોનું નગરપાલિકાઓ દ્વારા પાલન કરવામાં આવતું ન હોવાનું જ્યારે ઓડિટે ધ્યાન દોર્યું ત્યારે ડિસેમ્બર–૨૦૧૩માં વિભાગે ઓડિટને જણાવ્યું હતું કે નગરપાલિકાઓની જરૂરિયાતો નક્કી કરવા માટેનો સર્વેક્ષણ પ્રગતિમાં છે, જે પૂર્ણ થયે નગરપાલિકાને સફેદ કચરા પેટીઓ પૂરી પાડવામાં આવશે. આથી આ સર્વેક્ષણ ક્યારે પૂર્ણ થયું અને કચરા પેટીની ખરીદી માટેના ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવ્યા તેની માહિતી સમિતિને મોકલી આપવા અને આ બાબતમાં હવે વધુ વિલંબ ન કરતા નિયમોમાં ઠરાવ્યા મુજબના અલગ અલગ કલરના કન્ટેઈનરો નગરપાલિકાઓને વહેલી તકે પુરા પાડવા સમિતિ ભલામણ કરે છે.**

૩૮. **ચર્ચા દરમ્યાન સમિતિના સભ્યો દ્વારા એ બાબત તરફ વિભાગનું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે રાજયમાં કેટલીક જગ્યાએ સ્કૂલની નજીક, અમુક જગ્યાએ ધાર્મિક સ્થાનની નજીક તેમજ કેટલીક જગ્યાએ રોડને અડીને કચરા પેટીઓ મૂકવામાં આવે છે, જેના કારણે કચરો રોડ પર ફેલાય છે. આથી નગરપાલિકા / મહાનગરપાલિકાઓ દ્વારા આવી રીતે સ્કૂલ કે ધાર્મિક સ્થાનની નજીક તેમજ રોડને અડીને કચરા પેટીઓ ન મૂકવા માટે વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડી જરૂરી સૂચના આપવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**(ગ્રામ વિકાસ પ્રભાગ)**

૩૯. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે સન ૨૦૧૨–૧૩ના વર્ષના સ્થાનિક સંસ્થાઓને લગતા ઓડિટ રિપોર્ટના વિગતવાર ખુલાસા તા.૩૧/૮/૨૦૧૫ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલી આપ્યા હતા. તે સંબંધમાં વિભાગની વિગતવાર તપાસ તા.૧૯/૭/૨૦૧૬ અને તા.૨૪/૮/૨૦૧૬ના રોજ રાખવામાં આવેલ હતી.

૪૦. વિભાગે મોકલી આપેલ વિગતવાર ખુલાસાના અનુસંધાને વિભાગના પ્રતિનિધિઓ સાથે થયેલી રૂબરૂ ચર્ચા દરમિયાન અહેવાલમાં સમાવિષ્ટ જે ફકરાઓ સંબંધમાં સમિતિને સંતોષ થયો હતો તે ફકરાઓનો નિકાલ કર્યો હતો. પરંતુ જે ફકરાઓ સંબંધમાં સમિતિને સંતોષ થયો નથી અને જેમાં સમિતિએ જરૂરી કાર્યવાહી કરવા ભલામણ કરી હતી, તે અંગેની વિગતો નીચે મુજબ છે.

**<u>ફકરા ક્રમાંકઃ ૨.૧.૬.૨ આવક અને ખર્ચ</u>**

૪૧. ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ કેન્દ્રનો હિસ્સો દર વર્ષે બે હપ્તામાં મુક્ત કરવામાં આવે છે. જે તે જિલ્લા માટે કરવામાં આવેલ કુલ ફાળવણીના ૫૦ ટકાની રકમનો પ્રથમ હપ્તો નાણાકીય વર્ષની શરૂઆતમાં જ્યારે બીજો હપ્તો DRDAs તરફથી દર વર્ષે મોડામાં મોડી તા.૩૧મી ડિસેમ્બર સુધીમાં વિનંતી પ્રાપ્ત થાય ત્યારે મુક્ત કરવાનો હતો. બીજા હપ્તા માટે વિલંબથી આવેલ દરખાસ્તના કિસ્સામાં ભારત સરકાર અનુદાન મુક્ત કરવામાં કાપ મૂકે છે. ઓડિટે તપાસેલા ૮ જિલ્લાઓ પૈકી ૬ જિલ્લાઓમાં ૨૦૦૮ થી ૨૦૧૩ના સમયગાળા દરમિયાન ભારત સરકાર દ્વારા રૂ.૧૧૨.૮૩ કરોડ ભંડોળના વધુ પડતા ઉપાડ, બીજા હપ્તા માટે દરખાસ્તમાં વિલંબ તથા બીજા હપ્તા માટે દરખાસ્ત રજૂ ન કરવાના કારણે મુક્ત કરવામાં આવ્યા ન હતા.

૪૨. વિભાગે મોકલી આપેલ વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યાનુસાર સામાન્ય રીતે કુલ ઉપલબ્ધ ફંડના ૬૦ ટકા ખર્ચ થયા પછી જ બીજા હપ્તા માટે ભારત સરકારને વિનંતી કરવામાં આવે છે. આવાસનું બાંધકામ લાભાર્થીએ જાતે જ કરવાનું હોય છે. ત્રણ હપ્તામાં સહાય ચૂકવવાનું ધોરણ છે તેથી ગ્રાન્ટ વપરાશનો આધાર લાભાર્થી દ્વારા કરવામાં આવેલ બાંધકામની પ્રગતિ પર રહે છે. તેથી ગ્રાન્ટ દરખાસ્તો વિલંબથી મોકલવાનો કોઇ પ્રશ્ન નથી. જેમ જેમ ખર્ચ થાય તેમ તેમ ભારત સરકાર તરફથી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવે છે. તેથી રૂ.૧૧૨.૮૩ કરોડની ગ્રાન્ટ ગુમાવવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૪૩. ઉક્ત ફકરા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ દરમિયાન સમિતિએ ૬૦ ટકા ખર્ચ ન થવાનાં શું કારણો છે તે અંગેની પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ઈન્દિરા આવાસ યોજનાની અંદર લાભાર્થીઓએ જાતે મકાન બનાવવાના હોય છે. એમાં કોન્ટ્રાક્ટર કે બીજી કોઇ સરકારી સંસ્થા દ્વારા બનાવવાની જોગવાઇ ન હોવાને કારણે વિલંબ થાય છે.

૪૪. સમિતિને લાગે છે કે વિભાગ તરફથી ભારત સરકારને સમયસર દરખાસ્ત ન મોકલવાના કારણે કેન્દ્ર સરકાર તરફથી મળતી રકમમાં કાપ મૂકાયેલ છે. દરખાસ્ત સમયસર ભારત સરકારમાં મોકલવામાં આવે તે અંગેની જવાબદારી વિભાગની છે તેમ સમિતિ માને છે. **<u>લાભાર્થી દ્વારા સમયસર ખર્ચ નહિ થવાના પરિણામે બીજા હપ્તા માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારમાં સમયસર નહીં કરવાના કારણે કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને મળતા નાણાંમાં જે કાપ થયો છે તેવો કાપ ભવિષ્યમાં ભોગવવો ન પડે તે માટે ઈન્દિરા આવાસ યોજના અંગે વિભાગ દ્વારા પૂરતું મોનીટરીંગ કરી લાભાર્થીને યોજના અંગે સમજણ અને યોગ્ય સહાયતા કરવામાં આવે જેથી ઝડપથી કામગીરી પૂર્ણ થઇ શકે અને સમયસર દરખાસ્ત કરી શકાય તે અંગે સમયસર જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.</u>**

**ફકરા ક્રમાંકઃ ૨.૧.૭.૧**

**લાભાર્થીઓને અપાયેલ સહાયમાંથી અનિયમિત કપાત**

૪૫. ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકામાં કરવામાં આવેલ જોગવાઈઓનું જે લાભાર્થીઓ દ્વારા પાલન કરવામાં ન આવે તેવા લાભાર્થીઓને આપેલ સહાયમાંથી અમુક રકમની કપાત કરવાનું ઠરાવવામાં આવ્યું હતુ પરંતુ ત્યારબાદ ભારત સરકારે એપ્રિલ, ૨૦૦૮માં આવી કપાત નહીં કરવાની સૂચનાઓ બહાર પાડી હતી.

૪૬. તેમ છતાં ઓડિટમાં જણાયું હતું કે ભારત સરકારની આ સૂચનાઓનું ઉલ્લંઘન કરીને નમૂના તપાસ કરાયેલ ચાર જિલ્લાઓ પૈકીના બે જિલ્લાઓમાં (ઝાલોદ અને લીમખેડા) વર્ષ ૨૦૦૮–૧૩ દરમ્યાન લાભાર્થીઓના અંતિમ હપ્તામાંથી રૂા.૧૦.૭૬ લાખની કપાત કરવામાં આવી હતી.

૪૭. વિભાગે મોકલી આપેલ વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યાનુસાર ઝાલોદ અને લીમખેડા તાલુકામાં જે તે લાભાર્થીઓના હપ્તાની સહાયમાંથી કપાત કરેલ રકમ ઓડિટની સૂચના અન્વયે લાભાર્થીઓને પરત ચૂકવણી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ હવે પછીથી આવી કપાત બંધ કરવામાં આવેલ છે.

૪૮. ઉકત ફકરા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ દરમિયાન વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૯/૮/૨૦૦૪ના પરિપત્ર મુજબ નિર્ધૂમ ચૂલા બનાવવામાં આવ્યા ન હોય ત્યાં લાભાર્થીઓને ચૂકવેલ સહાયમાંથી કપાત કરી શકાશે. આ અંગે સમિતિએ પૃચ્છા કરી હતી કે એપ્રિલ ૨૦૦૮ની ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ કપાત કરવાની થતી નથી પછી સન ૨૦૦૪ના પરિપત્રનું અસ્તિત્વ કેવી રીતે રહી શકે ? આ અંગે વિભાગના પ્રતિનિધિએ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો હતો.

૪૯. પ્રસ્તુત કિસ્સામાં લાભાર્થીઓને રકમ પરત કરવામાં આવેલ છે. પરંતુ સમિતિના ધ્યાન પર આવ્યું છે તે મુજબ દાહોદ જિલ્લા જેવી જ ક્ષતિ આણંદમાં થવા પામી છે અને ત્યાં લાભાર્થીઓને રકમ ચૂકવવામાં આવી નથી. **આથી સમિતિ ભલામણ કરે છે કે આ રકમ શકય તેટલી વહેલી તકે ચૂકવી દેવી તેમજ ભવિષ્યમાં આ પ્રકારની ક્ષતિ ન રહે એની વિભાગ તરફથી કાળજી લેવામાં આવે.**

**ફકરા ક્રમાંકઃ ૨.૧.૮.૧**

**ભૌતિક કામગીરી**

૫૦. ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકામાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર સંબંધિત નાણાકીય વર્ષમાં ભારત સરકાર દ્વારા કરવામાં આવેલી ફાળવણીઓ અને નક્કી

કરેલા લક્ષ્યાંકોને આધારે DRDAs દ્વારા IAY હેઠળ તાલુકાદીઠ બાંધકામ કરવા માટે રહેઠાણોની સંખ્યા નક્કી કરવાની હોય છે. આ રહેઠાણો બે વર્ષમાં પૂર્ણ કરવાના રહે છે. ઓડિટ દરમિયાન જણાયું હતું કે નમૂના તપાસ કરાયેલ DRDAs દ્વારા દરેક વર્ષ માટે નક્કી કરેલા લક્ષ્યાંકોની સામે પ્રાપ્ત કરેલ લક્ષ્યાંકોના આંકડાઓની વિગતો નિભાવવામાં આવતી ન હતી. તેમજ લક્ષ્યાંકોમાં અગાઉના વર્ષોમાં અપૂર્ણ રહેલ રહેઠાણોનો પણ સમાવેશ કરેલ હોવાને લીધે મંજૂર કરેલ તારીખથી બે વર્ષમાં ખરેખર કેટલા આવાસ બાંધવામાં આવ્યા તે જાણી શકાયુ ન હતું. ઓડિટ દરમિયાન ધ્યાન પર આવ્યું હતું કે તા.૩૧ માર્ચ, ૨૦૧૩ના રોજ સાત જિલ્લાના નમૂના તપાસ કરાયેલ ૧૪ તાલુકાઓમાં વર્ષ ૨૦૦૮–૧૩ દરમ્યાન મંજૂર કરેલ ૩૫,૦૬૩ રહેઠાણોમાંથી ૧૬,૭૨૨ રહેઠાણો (૪૮ટકા) અપૂર્ણ રહ્યા હતા. કામગીરી પૂર્ણ કરવા તાલુકા સત્તાધીશો દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવ્યાં ન હતાં.

૫૧. વિભાગે મોકલી આપેલ વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યાનુસાર લક્ષ્યાંકો સામે આવાસ જે તે વર્ષમાં જ મંજૂર કરવામાં આવે છે. લાભાર્થી ગરીબ હોઇ આ આવાસ બાંધકામ જે તે વર્ષમાં જ પૂર્ણ થાય તે શક્ય નથી. હવે બાંધકામ કરવા માટે લાભાર્થીને ત્રણ વર્ષનો સમયગાળો મળે છે. નવા લાભાર્થીઓને મકાન બાંધકામની મંજૂરી આપવામાં આવે છે તે સહિત અગાઉના વર્ષોમાં જેમને મંજૂરી અપાઈ હોય તે પૈકીના જે લાભાર્થીઓ મકાન પૂર્ણ કરે તેને બાંધકામ પૂર્ણ થયાની સિદ્ધિ તરીકે દર્શાવાય છે.

૫૨. ઉક્ત ફકરા સંબંધમાં રુબરૂ તપાસ દરમિયાન વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે સ્પીલ ઓવર એટલે કે અગાઉના વર્ષોના મંજૂર થયેલાં અને પ્રગતિ હેઠળના જે ઈન્દિરા આવાસ યોજના હેઠળના મકાનોના બાંધકામ છે તે પણ જે વર્ષમાં પૂર્ણ થાય છે તે વર્ષમાં સિદ્ધિ તરીકે દર્શાવવામાં આવે છે, સાથોસાથ જે તે નાણાકીય વર્ષ દરમ્યાન પણ જે કામો મંજૂર થયેલા હોય તેમાં પણ જે બાંધકામ પૂર્ણ થઈ જાય તે પણ દર્શાવવામાં આવે છે. જૂના વર્ષના કામો અલગ દર્શાવવાની જગ્યાએ એક જ વર્ષમાં દર્શાવવામાં આવે છે અને તેના લીધે અસ્પષ્ટતા થાય છે. પરંતુ સ્ટેટમેન્ટ જે બનાવવામાં આવે છે તે ભારત સરકારની સૂચના મુજબ બનાવવામાં આવે છે તેમાં અલગ અલગ દર્શાવવામાં આવે છે.

૫૩. **સમિતિને લાગે છે કે કામગીરીનું મૂલ્યાંકન કરવું હોય તો જે તે વર્ષનો લક્ષ્યાંક અને તેની સામે મેળવેલી સિદ્ધિ એ રીતે સરખામણી થવી જોઈએ. અગાઉના વર્ષોમાં ઠરાવવામાં આવેલા લક્ષ્યાંકની સિદ્ધિ પણ જે તે ચાલુ વર્ષમાં દર્શાવવામાં આવે તે બરાબર નથી. કામગીરીનું વર્ષવાર મૂલ્યાંકન થઈ શકે તે માટે હવેથી કયા વર્ષમાં કેટલા આવાસ માટેની યોજના મંજૂર થઈ, તે પૈકી જે તે વર્ષમાં કેટલા આવાસનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું અને જે તે વર્ષમાં મંજૂર થયેલ આવાસ પૈકી કેટલા આવાસનું બાંધકામ બાકી રહેવા પામેલ છે તેની માહિતી જે તે વર્ષવાર તૈયાર કરવાનું ધોરણ રાખવા સમિતિ ભલામણ કરે છે.**

૫૪. ગ્રામીણ વિસ્તારોમાં આવાસની ફાળવણી બાબતમાં ભૂતકાળમાં ઘરવિહોણા લોકોને મફત પ્લોટ ફાળવવાની સરકારની ઉદાર નીતિ હતી. છેલ્લા થોડા સમયથી બી.પી.એલ. ના અમુક ક્રમવાળા વ્યકિતને અગ્રતા આપવાની પધ્ધતિ અમલમાં આવ્યા પછી ગ્રામીણ વિસ્તારમાં કામ કરતાં ખેતમજૂરો, કારીગરો, દલિત પરિવારો તેમજ બક્ષીપંચના પરિવારો કે જેઓના બાળકો પુખ્ત વયના અને ઘરવિહોણા છે પરંતુ કોઇ કારણસર બી.પી.એલ. કાર્ડ મેળવી શકેલ નથી, તેઓને પ્લોટ કે મકાન કંઇ જ મળેલ નથી. તેવા કિસ્સામાં શ્રમ વિભાગે ગ્રામીણ વિસ્તારના કારીગરોનું તથા ખેત મજદૂરોનું યોગ્ય સર્વેક્ષણ કરવું જોઇએ અને તે પૈકી કેટલી વ્યકિતઓ ઘર કે પ્લોટ વિહોણા છે તેના વાસ્તવિક આંકડાઓ આપવા જોઇએ. **ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ઘર વિહોણાના આંકડા દર્શાવવામાં આવેલ છે તે તથા શ્રમ વિભાગ દ્વારા ૬૦ લાખ મજદૂરોના થયેલ સર્વેના આંકડાઓમાં ઘર કે પ્લોટ વિહોણા લોકોની સંખ્યાની બાબતમાં વિસંગતતા જોવા મળેલ છે. આથી ચોકકસ માહિતી સરકાર પાસેથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવા સમિતિ ભલામણ કરે છે.**

૫૫. ગ્રામીણ વિસ્તારોમાં જે ગરીબ પરિવારોને ભૂતકાળમાં કોઇપણ યોજના નીચે એકાદ આવાસ મળેલ હોય પરંતુ ત્યારબાદ તેઓના દિકરાઓ પુખ્ત ઉંમરના થયા હોય અને તેઓ પાસે પ્લોટ કે મકાન કંઇ જ ઉપલબ્ધ ન હોય તેવી વ્યકિતઓને આ યોજનાનો લાભ મેળવવામાં ઘણી જ મુશ્કેલી ભોગવવી પડે છે. **જે ગામમાં સારી સરકારી રહેવા યોગ્ય ગામથી નજીક જમીન ઉપલબ્ધ હોય તે અગ્રતાના ધોરણે ગરીબ લાભાર્થીઓને જ ફાળવવી જોઇએ. મકાન કે પ્લોટ વિહોણા ગરીબ વ્યકિતઓને પસંદગીની પ્લોટ માટેની જગ્યા ફળવાયા પછી જ બાકી રહેતી જગ્યાને અન્ય કોઇને હરાજીથી ફાળવવી. ઘર વિહોણા કે પ્લોટ વિહોણા પરિવારોને રહેણાંક માટે ફાળવવામાં આવતી જગ્યા શકય હોય ત્યાં સુધી ગામથી એકદમ નજીક રસ્તા, પાણી, લાઇટ અને ગટરની વ્યવસ્થા સરળતાથી ઉપલબ્ધ થઇ શકે તેવી અને સમથળ હોય તે સરકાર ખાસ સુનિશ્ચિત કરે તેવી સમિતિ ભલામણ કરે છે. વધુમાં જે ગામોમાં પ્લોટ કે ઘર વિહોણા વ્યકિતઓ પોતાના પરિવાર કે મિત્રોના જૂથમાં પ્લોટ મેળવવા ઇચ્છતા હોય ત્યારે તેમને તેજ રીતે પ્લોટોની ફાળવણી થાય તે પણ સરકારે સુનિશ્ચિત કરવું જોઇએ તેવી પણ ભલામણ છે.**

૫૬. **ગામડાંઓની ગ્રામ સભાઓમાં અમુક જગ્યાએ ચોકકસ લોકોના પ્રભૃત્વના કારણે પણ અમુક લોકોને પ્લોટ માટેની જગ્યા માટે જો ઠરાવ ન થઇ શકતો હોય તો માત્ર ગ્રામ સભાનો ઠરાવ હોય તો જ પ્લોટ ફાળવી શકાય તેના બદલે સરકારી અધિકારીએ તંત્ર મારફત જરૂરિયાતમંદોનું સર્વે કર્યા પછી જરૂરિયાતમંદ વ્યકિતને પ્લોટ કે ઘર મળે તે સરકારે સુનિશ્ચિત કરવું જોઇએ.**

૫૭. જે ગામોમાં સરકારી પડતર જમીન ઉપલબ્ધ હોય અને ગામની નજીક હોય તો જરૂર પડયે ગામતળ વધારી આપીને મફત પ્લોટની ફાળવણી સરકારે કરવી અને જો રહેવા યોગ્ય

સરકારી પડતર જમીન ગામતળની નજીક ન હોય તો સરકારે ગામની નજીકની જમીન સંપાદન કરીને પણ પ્લોટ કે મકાન વિહોણા જરૂરિયાતમંદને ગ્રામીણ વિસ્તારમાં મફત પ્લોટની ફાળવણી કરવી. આદિવાસી વિસ્તારમાં ચોકકસ ગામતળમાંજ રહેવાના બદલે નાના નાના ખેતરમાં આદિવાસી પરિવારો વસતા હોય છે. આ સંજોગોમાં **આદિવાસી વિસ્તારમાં પોતાના ખેતરમાં આવાસ બનાવવા ઈચ્છતા આદિવાસી પરિવારોને ગામતળનો આગ્રહ રાખ્યા સિવાય મકાન બનાવી શકે તેવી વ્યવસ્થા સરકારે કરવી જોઈએ તેવી પણ ભલામણ છે.**

૫૮. જે લાભાર્થીઓ જમીન કે પ્લોટ વિહોણા છે અને જેઓએ મફત પ્લોટ મેળવવા અરજીઓ કરેલ હોય છે. પરંતુ લેન્ડ કમિટીની મીટીંગ લાંબા સમય સુધી મળતી ન હોવાના કારણે લાભાર્થીને જમીન ઉપલબ્ધ હોવા છતાં પ્લોટ મળી શકતો નથી. **આથી સમિતિ ભલામણ કરે છે કે ઓછામાં ઓછી ૩ માસમાં એક વખત લેન્ડ કમિટીની મીટીંગ મળવી જ જોઈએ તે સરકાર સુનિશ્ચિત કરે અને જો ૩ મહિનામાં એક વખત લેન્ડ કમિટીની મીટીંગ ન મળે તો જે અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને લેન્ડ કમિટીની મીટીંગ મળવાની હોય તે અધિકારીની વ્યકિતગત જવાબદારી ફિકસ કરી તેમની સામે શિક્ષાત્મક પગલાં પણ ભરવામાં આવે. લેન્ડ કમિટીની મીટીંગમાં આવેલી તમામ અરજીઓનું મૂલ્યાંકન કરીને યોગ્યતાના ધોરણે તેનો નિકાલ કરવામાં આવે.**

**ફકરા ક્રમાંકઃ ૨.૨.૭.૨**
**મુકત કરાયેલ ભંડોળ અને કરાયેલ ખર્ચ**

૫૯. ભારત સરકાર દ્વારા સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન (TSC) અંતર્ગત બધા જ ૨૬ જિલ્લાઓ માટે રૂ.૭૦૨.૩૨ કરોડની કિંમતના પ્રોજેકટો માર્ચ, ૨૦૧૨માં મંજૂર કરવામાં આવ્યા હતા. ઓડિટે નોંધ્યું હતું કે વર્ષ ૨૦૦૮–૧૩ દરમ્યાન પ્રાપ્ય ભંડોળની સામે કરવામાં આવેલો ખર્ચ ૪૩ અને ૬૦ ટકાની વચ્ચે રહ્યો હતો. રાજયમાં સ્વચ્છતા વ્યવસ્થાનો વ્યાપ ઓછો રહ્યો છે. શૌચાલયોની માંગ હંમેશા વણ પુરાયેલ રહી હતી. સરકારે નાણાંના ઉપયોગ માટે સઘન પ્રયત્નો કર્યા ન હતા.

૬૦. ઉકત ફકરા સંબંધમાં વિભાગે મોકલી આપેલ વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યાનુસાર ભારત સરકાર દ્વારા મોટે ભાગે ગ્રાન્ટ નાણાકીય વર્ષના અંતમાં છૂટી થતી હોય છે, જે ઉઘડતી સિલકમાં ઉમેરતાં ઉપલબ્ધ ફંડની રકમ વધી જાય છે. હાલના તબક્કે ગ્રાન્ટ ૧૦૦ ટકા વપરાય તેવા સઘન, પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

૬૧. શૌચાલયની માગ વણ પુરાયેલી રહી હતી અને સરકારે નાણાંના ઉપયોગ માટે સઘન પ્રયત્નો કરવા જોઈએ તેવું ઓડીટનું ખાસ અવલોકન હતું. **આથી સમિતિ ભલામણ કરે છે કે વિભાગે નાણાંના ઉપયોગ માટે સઘન પ્રયત્નો કરવા જોઈએ અને શૌચાલયની માગ ઝડપથી પૂર્ણ થાય તેની વિભાગે કાળજી રાખવી.**

## ફકરા ક્રમાંકઃ૨.૨.૯. વૈકલ્પિક વિતરણ વ્યવસ્થા(રૂરલ સેનેટરી માર્ટસ)

### ફકરા ક્રમાંકઃ૨.૨.૯.૧ NGOs પાસેથી લોનની વસૂલાત ન થઇ

૬૨. યોજનાની માર્ગદર્શિકામાં NGOs/SHGs (મહિલા સંગઠનો/પંચાયતોને) ઉત્પાદન કેન્દ્ર (PCs) ગ્રામ સ્વચ્છતા હાટ (રૂરલ સેનેટરી માર્ટ) (RSMs) સ્થાપવા માટે, ભંડોળ પૂરું પાડવાના હેતુથી એક રીવોલ્વીંગ ફંડ (મહત્તમ રૂ.૩૫ લાખની શરતે) ઉભું કરવાની જોગવાઇ કરવામાં આવી છે. RSM/PC દીઠ મહત્તમ લોન મર્યાદા રૂ.૩.૫૦ લાખ હતી અને RSM/PC જ્યારે પગભર થઇ સશકત સ્તરે પહોંચે ત્યારે તેની વસૂલાત કરવાની થતી હતી. ઓડિટમાં જણાયું હતું કે સાબરકાંઠા અને નવસારી DRDAs ખાતે અનુક્રમે રૂ.૫.૫૦ લાખ અને રૂ.૧.૨૫ લાખની લોનની રકમ NGOs પાસેથી ઓકટોબર, ૨૦૧૩સુધી વસૂલ કરવામાં આવી ન હતી. DRDAs પોરબંદર દ્વારા ચાર NGOs ને રાણાવાવ TP ની GPs ને સેનેટરી સામગ્રી ખરીદી અને પૂરી પાડવા RSM ચાલુ કરવા માટે લોન તરીકે આપવાને બદલે રૂ.૮.૮૩ લાખ એડવાન્સ આપ્યા.

૬૩. વિભાગે મોકલી આપેલ વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યાનુસાર સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ/નિર્મળ ભારત અભિયાન અન્વયે ગ્રામીણ સેનીટેશન તંત્રની વિભાવના રાજ્યમાં ધાર્યું પરિણામ પ્રાપ્ત કરી શકી ન હતી. ગ્રામીણ સેનીટેશન તંત્રની વિભાવનાનો અમલ કરતી સંસ્થાઓ માર્ગદર્શક સૂચનાઓમાં અપેક્ષા રખાયા મુજબ કામગીરી બજાવી શકી ન હતી. તેથી રાજ્યમાં વિભાવનાનો અમલ બંધ થઇ ચૂકયો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સ્તરે કામ ન કરતા બિન સરકારી સંગઠનો પાસેથી વસૂલાતની કામગીરી ચાલુ છે.

૬૪. ઉકત ફકરા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ દરમિયાન વિભાગના પ્રતિનિધિના જણાવ્યાનુસાર રૂરલ સેનેટરી માર્ટ માટેની રૂ.૭૬.૩૮ લાખની લોનની સામે રૂ.૬૦ લાખ ૨૯ હજારની વસૂલાત થઇ ગઇ છે. જ્યારે બાકીની રૂ.૧૬ લાખ ૯ હજારની વસૂલાતની કાર્યવાહી ચાલુ છે. સમિતિએ બાકી રહેતી રકમની વસૂલાત માટે શું કાર્યવાહી કરેલ છે તેવી પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે બાકીના જિલ્લાઓને વસૂલાતની કાર્યવાહી કરવા જણાવેલ છે. NGO એમની કામગીરી કરી શકયા નથી એ બાબતે સમિતિએ પૃચ્છા કરી હતી કે DRDA પોરબંદર દ્વારા ચાર NGOને રકમ લોન તરીકે આપવાને બદલે રૂ. ૮.૮૩ લાખ એડવાન્સ આવ્યા હતા, જે યોજનાની માર્ગદર્શિકા મુજબ એડવાન્સ આપી શકાય નહીં તો આના માટે જવાબદાર કોણ હતા? આ સંબંધમાં તપાસ કરીને અહેવાલ આપવાનુ વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું.

૬૫. **જે NGO પાસેથી વસૂલાતની રકમ બાકી હોય તે રકમ વિભાગે તાત્કાલિક વસૂલ કરવી. યોજનાના અમલીકરણ માટેની કામગીરી સોંપવા માટે NGOની ક્ષમતા, સફળતા કે ભૂતકાળનું મૂલ્યાંકન કરીને પસંદગી માટેની એક યાદી સરકારે બનાવવી. તેમજ NGOની પસંદગી કરવા માટે સરકારે બહોળી પ્રસિદ્ધિ કરીને જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતી અને**

**ભવિષ્યમાં સરકારી યોજનાઓમાં જોડાવા માંગતી NGOની અરજીઓ મંગાવવી જોઇએ અને આ NGOની યાદી સરકારે પસંદગી માટે તૈયાર કરીને ગુજરાત સરકારની વેબસાઇટ ઉપર અથવા અન્ય પબ્લિક ડોમાઇનમાં મૂકવી જોઇએ તેમજ NGO પૈકીની કોઇની કામગીરી માટે ફરિયાદ હોય તો કોઇપણ નાગરિક એ ફરિયાદ સરકાર સુધી પહોંચાડી શકે તે માટેનું પ્લેટફોર્મ પણ ઉપલબ્ધ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૬૬. **વધુમા DRDA પોરબંદર દ્વારા ચાર NGO ને રૂ.૮.૮૩ લાખ રૂપિયા લોન પેટે આપવાના બદલે એડવાન્સ તરીકે આપવા બાબતની સમિતિની પૃચ્છાના જવાબમાં વિભાગના પ્રતિનિધિએ તપાસ કરીને સ્પષ્ટતા અહેવાલ રજૂ કરવામાં આવશે તેમ જણાવતાં સમિતિએ ૩૦ દિવસમાં યોગ્ય કાર્યવાહી કરવા અને તેની સમિતિને જાણ કરવા ભલામણ કરી હતી. આ અંગે શી કાર્યવાહી કરવામાં આવી તે અંગે જાન્યુ. ૨૦૧૭ સુધીમાં એટલે કે પાંચ માસનો સમય થવા છતાં વિભાગ તરફથી સમિતિને કોઈ જાણ કરવામાં આવી નથી. આના પરથી જણાય છે કે જાહેર હિસાબ સમિતિ જેવી મહત્વની સમિતિની રુબરૂમાં કરવામાં આવેલ સ્પષ્ટ ભલામણ તરફ પણ વિભાગ દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવ્યુ નથી. સમિતિ આ બાબતને ખૂબ ગંભીર ગણે છે અને આના માટે જવાબદાર હોય તેની સામે જરૂરી કાર્યવાહી કરવા અને ભવિષ્યમાં સમિતિ તરફથી રુબરૂ તપાસ વખતે જે કોઈ સૂચન / ભલામણ કરવામાં આવે તેના તરફ પૂરતુ ધ્યાન આપવા સમિતિ ભલામણ કરે છે. સમિતિની ઉકત ભલામણ સંબંધમાં શી કાર્યવાહી કરવામાં આવી તેની સમિતિને જાણ કરવામા આવે.**

**ફકરા ક્રમાંક:૨.૨.૯.૨**

**સેલ્ફ હેલ્પ ગૃપો અને સહકારી ડેરીના સભ્યો માટે સસ્તા ધિરાણની જોગવાઇ ન થઇ**

૬૭. યોજનાની માર્ગદર્શિકામાં સેલ્ફ હેલ્પ ગૃપ અને સહકારી ડેરીને તેના સભ્યો કે APL કુટુંબો કે જે શૌચાલય બાંધકામ માટે નાણાં ભીડ ભોગવતા હોય તેમને સસ્તા દરે ધિરાણ આપવા માટે મહત્તમ રૂ.૫૦ લાખ સુધીનું રીવોલ્વીંગ ફંડ ઉભુ કરવાની જોગવાઇ હતી. લોનની ૧૨ થી ૧૮ હપ્તામાં વસુલાત કરવાની હતી. આમ છતાં, ઓડિટમાં જણાયું હતુ કે કેટલાક જિલ્લાઓમાં રિવોલ્વીંગ ફંડ ઉભુ કરાયું ન હતું, જ્યારે કેટલાક જિલ્લાઓમાં રિવોલ્વીંગ ફંડમાંથી વિવિધ ડેરી સહકારી મંડળીઓને લોન તરીકે નાણા વહેંચ્યા હતા. આ રકમ ૧૨ થી ૧૮ હપ્તામાં વસૂલ કરવાની હોવા છતાં ઓક્ટોબર, ૨૦૧૩ સુધી તે વસૂલ કરવામાં આવ્યા ન હતા.

૬૮. વિભાગે મોકલી આપેલ વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યાનુસાર સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જે તે સંસ્થાઓ પાસેથી વસૂલાતની પ્રક્રિયા હાથ ધરવામા આવે છે. જેઓ પાસેથી વસૂલાત કરવાની બાકી છે તે બધા પાસેથી વસૂલાતની પ્રક્રિયા ચાલુ છે.

૬૯. ઉક્ત ફકરા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ દરમિયાન વિભાગના પ્રતિનિધિના જણાવ્યાનુસાર સાબરકાંઠા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સહકારી મંડળીઓ અને ગ્રામ પંચાયતોને આપવામાં આવેલ રકમ પૈકી ઓડિટ સમયે રૂ.૨૫.૬૪ લાખ રૂપિયા વસૂલ કરવાના બાકી હતા. તેમાંથી હવે રૂ.૩ લાખ ૬૨ હજાર વસૂલ કરવાના બાકી છે.

**વિભાગના ખુલાસા અને ચર્ચા–વિચારણાને અંતે સમિતિ ભલામણ કરે છે કે જે એન.જી.ઓ કે સંસ્થાઓએ સરકારી યોજનાના અમલીકરણમાં યોગ્ય કામગીરી ન કરી હોય અથવા નાણાં ઉપાડ્યા પછી તેને યોગ્ય રીતે વાપર્યા ન હોય અને અંતે તેમની પાસેથી રીકવરીની પરિસ્થિતિ નિર્માણ થઇ હોય તેવી એન.જી.ઓ/ સંસ્થાઓને બ્લેક લિસ્ટ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં એન.જી.ઓના નામે આવી ગેરરીતિ ન થાય.**

**ફકરા ક્રમાંકઃ ૨.૨.૧૦.૧**

**લક્ષ્યાંક પ્રાપ્તિના વધારાયેલા આંકડા**

૭૧. વર્ષ ૨૦૧૨ સુધીમાં BPL કુટુંબો માટે ૨૦.૪૭ લાખ વ્યકિતગત રહેઠાણધારક શૌચાલય (IHHL) બાંધવાના લક્ષ્ય સામે માર્ચ, ૨૦૧૩ સુધીમાં માત્ર ૨૦.૧૮ લાખ IHHL બાંધવામાં આવ્યા હતા. એ જ રીતે વર્ષ ૨૦૧૨ સુધીમાં APL કુટુંબો માટે ૩૩.૩૨ લાખ IHHL બાંધવાના લક્ષ્ય સામે માર્ચ ૨૦૧૩ સુધીમાં માત્ર ૨૫.૭૯ લાખ IHHL જ બાંધવામાં આવ્યા હતા.કેટલાક જિલ્લાઓમાં BPL કુટુંબો માટેના લક્ષ્યાંકોની સામે સિદ્દિધ ૯૮ ટકાથી ૧૦૭ ટકાની વચ્ચે રહી હતી અને APL કુટુંબો માટેના લક્ષ્યાંકોની સામે સિદ્દિધ ૬૪ ટકાથી ૧૦૨ ટકા વચ્ચે રહી હતી. ઓડિટમાં જણાયું હતું કે પ્રગતિ રિપોર્ટ દ્વારા જાહેર કરાયેલ લક્ષ્યાંક પ્રાપ્તિ GPs ને આપેલ અનુદાન આધારિત હતી. ખરેખર બંધાયેલ શૌચાલયોની સંખ્યા પર આધારિત ન હતી. આમ લક્ષ્યાંક પ્રાપ્તિઓ આપવામાં આવેલ અનુદાન આધારિત હોઇ વાસ્તવિક ચિત્ર રજૂ કરતી નથી. આમ દાવો વધારીને કરાયો હતો. કારણ કે અધતન BLSs ઓકટોબર, ૨૦૧૩ દર્શાવે છે કે રાજયમાં ખરેખર સ્વચ્છતા વ્યવસ્થાનો વ્યાપ માત્ર ૪૬ ટકા જેટલો જ હતો.

૭૨. સમિતિએ મોકલી આપેલ પ્રશ્નોત્તરીના પ્રત્યુત્તરમાં વિભાગે ખરેખર બનાવાયેલા શૌચાલયોની વિગત આપી હતી. રૂબરુ તપાસ વખતે આ વિગતો જોતા સમિતિને જણાયું હતું કે ખરેખર લક્ષ્યાંક સામે સિદ્દિધ માત્ર ૫૧.૩૫ ટકા જ થયેલ છે. આ સંબંધમાં વિભાગના પ્રતિનિધિએ કબૂલ કર્યુ હતુ કે ગેરસમજણના કારણે આમ થવા પામેલ છે. જે ફંડ રીલીઝ થયુ તેને સિદ્દિધ તરીકે દર્શાવેલ છે.

૭૩. આથી **સમિતિ ભલામણ કરે છે કે ભવિષ્યમાં લક્ષ્યાંક સામે થયેલી સિદ્દિધના વાસ્તવિક આંકડાઓ જ દર્શાવવામાં આવે અને માત્ર ભૌતિક સિદ્દિધ વગર લક્ષ્યાંક સિદ્દધ થયેલા આંકડાઓ દર્શાવીને ખોટું ચિત્ર રજૂ ના થાય તેની વિભાગ કાળજી લે અને સરકાર પણ આ બાબત સુનિશ્ચિત કરે.**

૭૪. વધુમાં, સમિતિએ એ બાબતની પણ ખાસ નોંધ લીધી હતી કે આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓ જેવા કે ભરૂચ અને સાબરકાંઠામાં અનુક્રમે ૪૩.૯૩ ટકા અને ૩૮.૪૬ ટકા જ કામગીરી કરવામાં આવી હતી. જે કામ કરવાની બાબતમાં ઉદાસીનતા દર્શાવે છે. આદિવાસી વિસ્તારોમાં કામગીરી લક્ષ્યાંક સામે અત્યંત નબળી છે. **આદિવાસી વસતી ધરાવતા જિલ્લાઓમાં વિશેષ કાળજી રાખવામાં આવે અને લક્ષ્યાંક સિધ્ધ કરવાની દિશામાં રાજયના અન્ય જિલ્લાઓની સાથે આદિવાસી જિલ્લાઓનો લક્ષ્યાંક પણ ઉંચો રાખવામાં આવે. જેથી સિધ્ધિ પણ ઉંચી પ્રાપ્ત થાય અને પ્રગતિ પણ વધારે સારી રહે. આથી આ બાબતને પ્રાધાન્ય આપી જરૂરી કાળજી રાખવા સમિતિ ભલામણ કરે છે.**

**ફકરા ક્રમાંક: ૨.૨.૧૩.૩**
**હાથથી મેલુ ઉપાડવું**

૭૫. યોજનાની માર્ગદર્શિકામાં સૂકા શૌચાલયોને પ્રવાહી શૌચાલયોમાં તબદીલ કરવાની જોગવાઇ હતી. ઉપરાંત, એમ્પ્લોયમેન્ટ ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ કન્સ્ટ્રક્શન ઓફ ડ્રાય લેટ્રીન (પ્રોહીબીશન) એક્ટ, ૧૯૯૩ અંતર્ગત સૂકા શૌચાલયોને બાંધવા, જાળવવા અને હાથથી મેલુ ઉપાડવાના કામની મનાઈ છે. આમ છતાં, રાજ્યના વિવિધ ગ્રામ વિસ્તારમાં માણસો દ્વારા વિષ્ટા દૂર કરવાના ૧,૪૦૮ કિસ્સાઓ નોંધાયા હતા. આ સંબધમા ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ડ્રિન્કિંગ વોટર એન્ડ સેનીટિશન ડિપાર્ટમેન્ટ અને સોશ્યલ જસ્ટીસ એન્ડ એમ્પાવરમેન્ટ ડિપાર્ટમેન્ટ ચલણ અંગે ચિંતા વ્યક્ત કરીને મે, ૨૦૧૨ માં રાજ્ય સરકારને આ બાબતે તપાસ કરવા નિર્દેશો આપ્યા હતા.

૭૬. ઓક્ટોબર ૨૦૧૩ દરમ્યાન CRD એ જણાવ્યું હતું કે જિલ્લામાં દરેકે દરેક કિસ્સાની ચકાસણી કરવા DRDA ને સૂચના આપવામાં આવશે. જો આવો કોઈપણ કિસ્સો ધ્યાનમાં આવશે તો સૂકા શૌચાલયોને પ્રવાહી શૌચાલયોમાં તબદીલ કરવા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.ઓડિટે નોંધ્યુ હતુ કે એક વર્ષથી પણ વધારે સમય વિતવા છતાં પણ ભારત સરકારના હાથથી મેલું ઉપાડવાનું ચલણ વ્યવહારમાં હોવા વિશેના દાવાઓની વિભાગ દ્વારા ચકાસણી કરી શકાઈ ન હતી.

૭૭. વિભાગે મોકલી આપેલ વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યાનુસાર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકને આવો કોઇ કેસ સંબંધિત જિલ્લામાં મળી આવે તો તે જોવા સૂચના આપવામાં આવી છે અને હિતાધિકારીઓને માર્ગદર્શક સૂચના અનુસાર ફલશ વોટર ટોયલેટ પુરા પાડવામાં આવશે.

૭૮. ઉક્ત ફકરા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ દરમિયાન વિભાગના પ્રતિનિધિના જણાવ્યાનુસાર તમામે તમામ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પાસેથી આ બાબતમાં તપાસ કરીને અહેવાલો મેળવવામાં આવ્યા છે અને તે મુજબ માથે મેલું ઉપાડવાની કોઇ પ્રથા હાલમાં અસ્તિત્વમાં નથી.

૭૯. સમિતિને લાગે છે કે ગ્રામ વિકાસ એજન્સીના નિયામકની પાસેથી અહેવાલ માગવો તે પૂરતું નથી. **૨૦૧૧ની વસતી ગણતરી વખતે નોંધવામાં આવેલા કિસ્સાઓની તપાસ કરીને રાજ્યમાં એકપણ સેવા શૌચાલય કે વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં માણસો દ્વારા વિષ્ટા દૂર કરવાના કે પ્રાણીઓ દ્વારા વિષ્ટા દૂર કરવાના કોઈપણ કિસ્સા રહેવા પામ્યા નથી તે રાજ્ય સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.**

**ફકરા ક્રમાંક:૨.૪**

**સિમેન્ટની ખરીદીમાં રૂ.૭૦.૩૫ લાખનો વધારાનો ખર્ચ અને સરકારને થયેલ નુકસાન**

૮૦. ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગે રાજ્યના વિવિધ વિભાગો, બોર્ડ અને કોર્પોરેશનો માટે સિમેન્ટ ખરીદવા અને પૂરો પાડવા માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.(GSCSCL)ની મધ્યસ્થ સંસ્થા તરીકે એપ્રિલ, ૨૦૦૪માં નિમણૂક કરી હતી અને સૂચનાઓ બહાર પાડી હતી કે નિગમ નિયમિત સમયાંતરે સિમેન્ટ ઉત્પાદક કંપનીઓ સાથે વાટાઘાટો કરીને ભાવો નક્કી કરી તેના પર રૂા. ૨/-પ્રતિ થેલી (૫૦ કિગ્રા) ના દરે વ્યવસ્થા ખર્ચ (હેન્ડલીંગ ચાર્જ) ઉમેરીને જે વિભાગ બોર્ડ / કોર્પોની માગણી આવે તેમને સિમેન્ટ પૂરી પાડવાની વ્યવસ્થા કરશે. વધુમાં એવી પણ સૂચનાઓ અપાઈ હતી કે રાજ્ય સરકારનો કોઈપણ વિભાગ, બોર્ડ/કોર્પોરેશન GSCSCL પાસેથી સિમેન્ટ લેવાને બદલે જો ખુલ્લા બજારમાંથી ટેન્ડર મંગાવે અને તે ભાવ GSCSCL દ્વારા નક્કી થયેલ ભાવ કરતા વધુ હોય તો તેવો સિમેન્ટ ખરીદવાને બદલે GSCSCL પાસે માગણી મૂકવાની રહેશે.

૮૧. ઓડિટને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ડાંગના રેકોર્ડની ચકાસણી કરતા જણાયું હતું કે તાલુકા વિકાસ અધિકારી આહવા (જિ.ડાંગ) દ્વારા જાહેર નિવિદા આપીને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ખુલ્લા બજારમાંથી થેલી દીઠ રૂા. ૨૪૫ના ભાવે સિમેન્ટની ૧,૧૩,૪૭૫ થેલીઓ રૂા. ૨.૭૮ કરોડની કિંમતે ખરીદવામાં આવી હતી. વિભાગની પ્રવર્તમાન સુચનાઓ મુજબ TDO એ GSCSCL ને માગણી મૂકવાની હતી કારણ કે બોલીમાં ભરાયેલા ભાવો (રૂા. ૨૪૫) GSCSCL ના પ્રવર્તમાન રૂા.૧૮૩/-ના ભાવો કરતાં વધારે ઊંચા હતા. આના પરિણામે રૂા. ૭૦.૩૫ લાખનો વધારાનો ખર્ચ થયો હતો, જે નિવારી શકાયો હોત. સરકારે ૨૦૦૭ થી રૂા.૧૦ લાખ કે તેથી વધુ કિંમતની તમામ ખરીદીઓ ઈ-પ્રોક્યોરમેન્ટ દ્વારા જ કરવા ઠરાવેલ હતું પરંતુ ઓડિટના ધ્યાન પર આવ્યું હતું કે TDO આહવા એ રૂા.૧૦ લાખ કરતા વધારે ની ખરીદી હોવા છતાં, સરકાર દ્વારા નિયત કરેલ ઈ-પ્રોક્યોરમેન્ટ પદ્ધતિનું અનુસરણ કર્યું ન હતું.

૮૨. રાજ્ય સરકારે સપ્ટેમ્બર, ૨૦૧૩માં ઓડિટને જણાવ્યું હતું કે GSCSCL ને સિમેન્ટ પૂરી પાડવા વિનંતીઓ કરવામાં આવી હતી પરંતુ તે સિમેન્ટ પૂરી પાડી શક્યા ન હતા. તેથી જરૂરીયાત મુજબનો જથ્થો ખુલ્લા બજારમાંથી ખરીદવામાં આવ્યો હતો જવાબ સ્વીકાર્ય ન હતો

કારણકે TDO આહવાએ ફેબ્રુઆરી,૨૦૧૪ માં સ્વીકાર્યુ હતું કે એપ્રિલ, ૨૦૦૯ થી નવેમ્બર, ૨૦૦૯ દરમ્યાન તેમના દ્વારા GSCSCL પાસે કોઇ જ માગણી કરવામાં આવી ન હતી.

૮૩. વિભાગે મોકલી આપેલા વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યા અનુસાર નિયત કરેલ રકમથી વધુ રકમની ખરીદી કરવા બદલ આ ગાળા દરમ્યાન ફરજ બજાવેલ ઇન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારીઓ શ્રીમતી જે.ડી.ચાંપાનેરી તથા શ્રી એમ.સી.ગામીત સામે આરોપનામું બજાવવામાં આવેલ છે તેમજ ડૉ. ડી.આર.માહલા સામે પ્રાથમિક તપાસ કરવા હુકમ કરેલ છે.

૮૪. ઉક્ત ફકરા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ દરમિયાન વિભાગના પ્રતિનિધિઓએ સમિતિને મોકલેલ લેખિત ખુલાસાનો જ પુનરોચ્ચાર કરતાં જણાવ્યું હતું કે શ્રી માહલાનો કેસ વિજીલંસ કમિશ્નરના અભિપ્રાય ઉપર પડતર છે. અભિપ્રાય આવશે પછી આરોપનામાની કાર્યવાહી થશે. વિભાગના આવા જવાબ અંગે સમિતિએ નારાજગી વ્યક્ત કરી હતી.

૮૫. ત્રણેય અધિકારીઓ દ્વારા થયેલ ગેરરીતિ તેઓની તાલુકા વિકાસ અધિકારી તરીકેના ૨૦૦૮ થી ૨૦૧૦ના વર્ષના ફરજના સમયગાળા દરમિયાનની છે. ઓડિટના ફકરાની તપાસ ઓગષ્ટ, ૨૦૧૬માં કરવામાં આવી તેમ છતાં આટલી મોટી ગેરરીતિના સંદર્ભમાં છ વર્ષ બાદ પણ વિભાગે માત્ર આરોપનામું કે પ્રાથમિક તપાસથી આગળ કોઇ કાર્યવાહી કરેલ નથી. વિજીલંસ કમિશ્નર સાથે પણ કોઇ ફોલોઅપ કરેલ નથી. **આ ગંભીર ગેરરીતિના કિસ્સામાં ઘણો વિલંબ થયેલો છે. માટે હવે આગળની શિક્ષાત્મક કાર્યવાહીના તમામ તબક્કાઓ જેમ બને તેમ જલ્દી પૂરા કરીને આખરી શિક્ષાત્મક કાર્યવાહી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૮૬. **વધુમાં તપાસ હેઠળના ઓડિટ અહેવાલના ફકરા ક્રમાંક–૨.૨.૧૮માં ઓડિટ દ્વારા કેટલીક ભલામણો કરવામાં આવેલી છે. સમિતિને પણ આ ભલામણોમાં તથ્ય જણાયું છે. આથી તે ભલામણો સંબંધમાં જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

## શિક્ષણ વિભાગ

૮૭. શિક્ષણ વિભાગે સન ૨૦૧૨–૧૩ના વર્ષના સ્થાનિક સંસ્થાઓને લગતા ઓડિટ રિપોર્ટના વિગતવાર ખુલાસા તા.૧૩/૧૦/૧૫ અને તા.૨૩/૬/૧૬ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલી આપ્યા હતા. તે સંબંધમાં વિભાગની વિગતવાર તપાસ તા.૨૮/૬/૧૬ના રોજ રાખવામાં આવી હતી.

૮૮. વિભાગે મોકલી આપેલ વિગતવાર ખુલાસાના અનુસંધાને વિભાગના પ્રતિનિધિઓ સાથે થયેલી રૂબરૂ ચર્ચા દરમિયાન અહેવાલમાં સમાવિષ્ટ જે ફકરાઓ સંબંધમાં સમિતિને સંતોષ થયો હતો તે ફકરાઓનો નિકાલ કર્યો હતો; પરંતુ જે ફકરાઓ સંબંધમાં વિભાગના

પ્રત્યુત્તરથી સમિતિને સંતોષ થયો ન હતો તે અંગે સમિતિએ જરૂરી કાર્યવાહી કરવા ભલામણો કરી છે, તે અંગેની વિગતો નીચે મુજબ છે.

## ફકરા ક્રમાંકઃ ૨.૨.૧૧.૨

### ખરેખર કામ પૂર્ણ થયા વગર જ પૂર્ણતાના પ્રમાણપત્રો જારી કરાયા

૮૯. DRDAએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (DPEO) પંચમહાલને ૧,૧૧૮ શૌચાલયો બનાવવા રૂ. ૪.૧૫ કરોડ માર્ચ,૨૦૧૨માં મુકત કર્યા તે સામે DPEOએ શૌચાલયોના પૂર્ણતાના પ્રમાણપત્રો એપ્રિલ, ૨૦૧૩માં જારી કર્યા હતા.

૯૦. ૧૪ શાળાઓ કે જેના પૂર્ણતાના પ્રમાણપત્રો જારી કરાયા હતા તેની મે, ૨૦૧૩માં સંયુકત સ્થળ મુલાકાત દરમિયાન ઓડિટને જોવા મળ્યું હતું કે એક શાળામાં કામ શરૂ થયું ન હતું અને ચાર શાળાઓમાં ગૌણ કાર્યો પૂરા થવાના બાકીમાં હતાં. DRDAએ મે, ૨૦૧૩માં ઓડિટના નિરીક્ષણ સ્વીકાર્યા હતા અને જણાવ્યું હતું કે બાબત SSAM સાથે હાથ ઉપર લેવામાં આવશે.

૯૧. વિભાગે મોકલી આપેલ વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યા મુજબ ૧૧૮૬ ટોઈલેટના બાંધકામના કમ્પ્લીશન સર્ટી. DRDAને જમા કરાવેલ છે પરંતુ કામ થયા વગર કમ્પ્લીશન સર્ટી આપનાર સામે શું પગલાં લેવામાં આવ્યા તેનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ ન હતો.

૯૨. ઉક્ત્ત ફકરા સંબંધમાં રૂબરૂ તપાસ દરમ્યાન લેખિત ખુલાસામાં આપવામાં આવેલા જવાબ અંગે સમિતિએ નારાજગી વ્યકત કરી હતી. તેમજ ૯૯૪ શૌચાલયો પૈકી કુલ કેટલી શાળાઓમાં આ પ્રકારના કમ્પ્લીશન સર્ટી. આપવામાં આવ્યા હતા તેવી સમિતિની પૃચ્છા સંબંધમાં વિભાગ પાસે તે અંગેની કોઈ માહિતી ઉપલબ્ધ ન હતી. આ તબક્કે સમિતિએ જણાવ્યું કે કામ પૂર્ણ થયા વગર કમ્પ્લીશન સર્ટી. આપવું એ ઘણી જ ગંભીર બાબત છે. તેથી જે શાળાઓને કામ પૂર્ણ થયા વગર કમ્પ્લીશન સર્ટી. આપવામાં આવેલ હોવાનું ઓડિટ ચકાસણીમાં ધ્યાને આવ્યું છે તે અંગે તેમજ વિભાગ તરફથી તપાસણી કરાવી અન્ય જે શાળાઓ ધ્યાને આવે તેવી બધીજ શાળાઓ કે જેમાં કામ પૂર્ણ થયા વગર જ કમ્પ્લીશન સર્ટી આપવામાં આવ્યા છે તે અંગેની જવાબદારી નકકી કરીને ૯૦ દિવસમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવા અને કરેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા સમિતિએ ભલામણ કરી હતી.

૯૩. સમિતિની ઉકત ભલામણ સંબંધમાં વિભાગે તા.૨૧/૧૨/૧૬ના રોજ મોકલી આપેલ માહિતી અનુસાર કામ પૂર્ણ થયા વગર કમ્પ્લીશન સર્ટી.આપનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.આ કામ સાથે સંકળાયેલ ૩ ઇજનેરોના ઈજાફા અટકાવવામાં આવેલ છે.તેમજ તેઓને જાન્યુઆરી–૧૬થી આપવામાં આવેલ ૭.૫ ટકા ઈજાફો ઓગષ્ટ–૧૬થી જુલાઇ–૧૭ સુધી એક વર્ષ માટે રદ કરવા અને આ સમય દરમ્યાન ડિસેમ્બર–૧૫માં મળતા મહેનતાણાં મુજબ મહેનતાણું ચૂકવાનું જણાવવામાં આવેલ છે.

૯૪. **સમિતિ વિભાગે લીધેલાં પગલાંની નોંધ લે છે.સમિતિને લાગે છે કે પંચમહાલ જિલ્લાની ઘટના ઓડિટના ધ્યાને આવી પરંતુ આખા રાજ્યમાં અન્ય શાળાઓમાં આવી ઘટનાઓ બની હોય તો તેની પણ તપાસ કરી જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં ભરવા જોઈએ. આથી આ દિશામાં જરૂરી ચકાસણી કરાવવા સમિતિ ભલામણ કરે છે.**

**ફકરા ક્રમાંકઃ ૨.૩.૨**

**નાણાકીય વ્યવસ્થાપન સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાપ્ત ભંડોળ**

૯૫. શાળાઓના મકાનો અને માળખાગત સુવિધાઓનું સર્જન એ સર્વ શિક્ષા અભિયાનનો (SSA) નો એક અગત્યનો ઘટક છે. આ ઘટક માટે આયોજીત ખર્ચના ૩૩ ટકા નક્કી કરવામાં આવ્યા છે.

૯૬. ઓડિટે આ ફકરામાં નોંધ્યુ છે કે DPE દ્વારા (૨૦૦૮-૦૯ થી ૨૦૧૨-૧૩) GCEE ને જુદી જુદી યોજનાઓ અંતર્ગત શાળાઓમાં માળખાગત સુવિધા ઉભી કરવા માટે પૂર્ણ થયેલા કામોની બચત સરકારી ખાતામાં પરત કરવાની સૂચના સાથે રૂા. ૧,૧૦૬.૦૬ કરોડ છુટા કરવામાં આવ્યા હતા. છૂટી કરવામાં આવેલ આ રકમ સામે માત્ર રૂા. ૯૦૮.૯૩ કરોડ (૮૨ ટકા) નો જ ખર્ચ થયો હતો અને બાકીના રૂા. ૩૦૪.૨૫ કરોડની સિલક (વ્યાજની પ્રાપ્ત રકમ સાથે) માર્ચ, ૨૦૧૩ની સ્થિતિએ GCEE પાસે રહેવા પામી હતી. તેમ છતાં પૂર્ણ થયેલ કામો પર થયેલ ઓછા ખર્ચને કારણે બચત રહેલ રૂા. ૩.૪૩ કરોડ સરકારી ખાતામાં પરત કરવામાં આવ્યા ન હતા.

૯૭. વિભાગે મોકલી આપેલ વિગતવાર લેખિત ખુલાસામાં જણાવ્યું હતું કે બાકી રહેતી રકમ રૂા. ૩.૪૩ કરોડ સરકારશ્રીને પરત કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

૯૮. ઉકત ફકરા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ માટે તા.૨૮/૬/૨૦૧૬ના રોજ સમિતિની બેઠક મળી ત્યાં સુધી રકમ પરત કરવાની કામગીરી કરવામાં આવી ન હોવાનુ સમિતિના ધ્યાન પર આવ્યું હતું. વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યાનુસાર પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા શાળાઓમાં માળખાકીય સુવિધાઓના બાંધકામ માટે ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન (GCEE) ને ભંડોળ ફાળવવામાં આવે છે. આ સંસ્થાનું ઓડિટ CA દ્વારા કરાવવામાં આવે છે પરંતુ સંસ્થાનું ઓડિટ ૨૦૦૮-૦૯થી બાકી હોવાના કારણે હાથ પર બાકી રહેલા રૂા.૩.૪૩ કરોડ સરકારમાં જમા કરાવ્યા ન હતા.

૯૯. વિભાગના પ્રતિનિધિના પ્રત્યુત્તર અંગે સમિતિએ નારાજગી વ્યકત કરી હતી અને જણાવ્યુ હતું કે હકીકતમાં શરૂઆતથી જ વર્ષના અંતે ઓડિટ થવું જોઈતું હતું. આ પ્રકારે વર્ષો સુધી ઓડિટ ન થાય તે બાબતને હળવાશથી લઈ શકાય તેમ નથી. **આ અંગે જે કોઇ જવાબદાર હોય તેની સામે પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે અને હવે બનતી ત્વરાએ**

**અને મોડામાં મોડા ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં ઓડિટ થઈ જવું જ જોઈએ. આમ છતાં નાણાકીય વર્ષના અંત સુધીમાં ઓડિટ ન થાય તો તેના વિલંબ માટે પણ જવાબદારી નક્કી કરી જવાબદાર અધિકારી સામે યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

**ફકરા ક્રમાંકઃ ૨.૩.૩.૧**

**દરેક હવામાનને અનુકૂળ ન હોય તેવા મકાનવાળી શાળાઓ**

૧૦૦. RTE ધારામાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે શાળાનું મકાન દરેક હવામાનને અનુકૂળ હોવું જોઈએ. ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન (GCEE) દ્વારા આપવામાં આવેલ માહિતી પ્રમાણે રાજયમાં ૪૮ શાળાઓ પાસે તેમના પોતાના મકાન ન હતા અને ૫૬ શાળાઓના મકાન જર્જરીત હાલતમાં હતા, જેની મરામત જરૂરી હતી. સંયુકત સ્થળ તપાસ દરમિયાન એક શાળા કામચલાઉ છાપરા નીચે ચાલતી હોવાનું જોવા મળ્યું હતું. અન્ય એક શાળા ઝાડની નીચે ચાલતી હોવાનું જોવા મળ્યું હતું. આમ, વિદ્યાર્થીઓ RTE ધારામાં દરેક હવામાનને અનુકૂળ એવા શાળાના મકાન અને સુવિધાઓની અપાયેલ બાંહેધરી છતાં તે લાભથી વંચિત રહયા હતા, તેવું ઓડિટે આ ફકરામાં નોંધ્યુ છે.

૧૦૧. વિભાગે મોકલી આપેલ લેખિત ખુલાસામાં જણાવ્યું હતું કે છાપરા નીચે ચાલતી શાળા હવે ૩ રૂમની બનાવેલ છે. જયારે ઝાડ નીચે ચાલતી શાળા માટે ૨ રૂમ બનાવવામાં આવેલ છે. ૨૫ શાળાઓ માટે જમીન મળવાથી વર્ગખંડનું કામ પૂર્ણ થયેલ છે. ૪ શાળાઓ બંધ થઈ ગયેલ છે. ૧૦ શાળા ખાનગી મકાનમાં ચાલે છે અને ૭ શાળા આરક્ષિત વન વિસ્તારમાં આવેલ હોવાથી જમીન ઉપલબ્ધ નથી. જંગલખાતાના મકાનમાં આ શાળાઓ ચાલી રહી છે. જમીન મેળવવાના પ્રયત્નો ચાલુ છે.

૧૦૨. ઉકત ફકરા સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ દરમિયાન વિભાગના પ્રતિનિધિએ સમિતિ સાથેની ચર્ચા દરમિયાન જણાવ્યુ હતું કે ૪૮ શાળાઓ પૈકી ૨૫ શાળાઓમાં બાંધકામ પૂર્ણ થયેલ છે ૨ શાળાઓ શીફટમાં ચાલે છે અને ૧૦ શાળા ખાનગી મકાનમાં ચાલે છે.

૧૦૩. વિભાગના પ્રતિનિધિઓ સાથેની ચર્ચા બાદ **સમિતિ ભલામણ કરે છે કે ભવિષ્યમાં કોઈપણ શાળા યોગ્ય વાતાવરણવાળા મકાનથી વંચિત ન રહે તે અંગે વિભાગે જરૂરી કાર્યવાહી કરવી.**

**ફકરા ક્રમાંકઃ ૨.૩.૩.૨**

**પૂરતા વર્ગખંડો વિનાની શાળાઓ**

૧૦૪. RTE ધારાની જોગવાઈ મુજબ શાળામાં દરેક શિક્ષક માટે ઓછામાં ઓછો એક વર્ગખંડ તો હોવો જ જોઈએ પ્રાથમિક શાળામાં ૪૦ વિદ્યાર્થી દીઠ એક અને ઓછામાં ઓછા બે વર્ગખંડો અને ઉચ્ચતર પ્રાથમિક શાળામાં ૩૫ વિદ્યાર્થી દીઠ એક અને ઓછામાં ઓછા ત્રણ

વર્ગખંડો હોવા જ જોઈએ. ઓડિટના ધ્યાન પર આવ્યું હતું કે પૂરતું ભંડોળ ઉપલબ્ધ હોવા છતાં આયોજનના અભાવે ૩૧,૫૪૧ શાળાઓમાંથી ૩,૧૪૬ શાળાઓ પૂરતા વર્ગખંડો વિનાની ચાલી રહી હતી. ૩૯૭ પ્રાથમિક શાળાઓમાં અને ૧૮૧ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં માત્ર એક વર્ગખંડ જ ઉપલબ્ધ હતો અને ૨,૫૬૮ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં માત્ર બે વર્ગખંડ જ ઉપલબ્ધ હતા. રાજયમાં અપૂરતા વર્ગખંડની ટકાવારી એક ટકાથી ૫૩ ટકા સુધી રહેવા પામી હતી.

૧૦૫. ઉકત ફકરા સંબંધમાં સમિતિને મોકલવામાં આવેલ વિગતવાર લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું છે કે RTE એકટની અમલવારી ધો–૮નો તેમાં સમાવેશ થવાથી બાળકોની સંખ્યામાં વધારો તથા ભારત સરકાર તરફથી પૂરતું ભંડોળ ન મળવાના કારણે વર્ગખંડોની વધ ઘટ રહેવા પામી છે, છતાં ખૂટતા ઓરડા પૂરા કરવા રાજય સરકાર પ્રયત્નશીલ છે. વિભાગના પ્રતિનિધિના જણાવ્યાનુસાર વધુ વર્ગખંડ બાંધવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. ચર્ચા દરમ્યાન સમિતિને જણાયું હતું કે હકીકતમાં શાળાઓના ઓરડા અને શિક્ષકોની ઘટ એ નરી વાસ્તવિકતા છે.

૧૦૬. આથી **જે શાળાઓમાં પૂરતા વર્ગખંડો નથી ત્યાં RTEના કાયદા અનુસાર જેટલા વર્ગખંડો હોવા જોઈએ તે મુજબ જોગવાઈ કરી પૂરતા પ્રમાણમાં વર્ગખંડોના બાંધકામ માંટે યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

**ફકરા ક્રમાંકઃ ૨.૩.૪**

**શાળાઓમાં મૂળભૂત સુવિધાઓનો અભાવ**

૧૦૭. RTE ધારાની જોગવાઈ મુજબ, શાળાના મકાનમાં મૂળભૂત સુવિધાઓ હોવી જોઈએ જેવી કે (૧) છોકરાઓ તથા છોકરીઓ માટે અલગ શૌચાલયો (૨) બધા જ બાળકો માટે સ્વચ્છ અને પૂરતા પીવાના પ્રમાણમાં પાણીની વ્યવસ્થા (૩) અવરોધ વિનાનો પ્રવેશમાર્ગ (ઢાળવાળુ ચઢાણ અને કઠેડા) (૪) મધ્યાહન ભોજન રાંધી શકાય તેવું શાળામાં આવેલું રસોડુ (૫) રમતનું મેદાન (૬) શાળાના મકાનની સલામતી માટે કમ્પાઉન્ડ વોલ અથવા વાડ અને (૭) વાંચનાલય કે જે વર્તમાનપત્રો, સામયિકો તથા વાર્તાના પુસ્તકો સહિત બધા વિષયના પુસ્તકો પૂરા પાડતા હોય. ૩૦૦ શાળાઓની સંયુક્ત મુલાકાત દરમિયાન જણાયું હતું કે ઘણી શાળાઓ મૂળભૂત સુવિધાઓથી વંચિત હતી.

ઉકત સુવિધાઓ સંબંધમાં ઓડિટનું નિરીક્ષણ નીચે મુજબ હતું.

**(૧) છોકરાઓ અને છોકરીઓના અલગ શૌચાલયો વગરની શાળાઓ**

૧૦૮. RTE ધારો યોગ્ય અને સ્વચ્છ પર્યાવરણ પૂરૂં પાડવાની વ્યવસ્થા વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. શૌચાલયોની સગવડનો ઉપયોગ વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાની ટેવનો વિકાસ કરે છે ને તેમના કુટુંબો સુધી વિસ્તરે છે.

૧૦૯. GCEE પાસે ઉપલબ્ધ માહિતી મુજબ રાજયની બધી જ પ્રાથમિક શાળાઓમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલયોની વ્યવસ્થા ઉપલબ્ધ ન હતી.

૧૧૦. દરેક શાળામાં નિભાવ અનુદાન (ત્રણ વર્ગખંડો વાળી શાળાઓ માટે રૂા.૫૦૦૦ અને ત્રણ કરતા વધારે વર્ગખંડો વાળી શાળાઓ માટે રૂા.૧૦,૦૦૦) શાળાઓના વર્ગખંડો, પીવાના પાણીની સુવિધા અને શૌચાલય સંકુલની જાળવણી માટે મેળવે છે. તેમ છતાં સંયુકત સ્થળ મુલાકાતમાં એવું જોવા મળ્યું હતું કે ૪૫ શાળાઓમાં (૧૫ ટકા) શૌચાલયો ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં ન હતા અને ૩૫ શાળાઓમાં (૧૨ ટકા) સંગ્રાહક ટાંકા સાથે પાણીનું જોડાણ આપવામાં આવ્યું ન હોવાથી શૌચાલયોમાં પાણી ઉપલબ્ધ ન હતું. GCEEએ ઓકટો. ૧૩માં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૨-૧૩થી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે શૌચાલય યુનિટો પૂરા પાડવામાં આવ્યા હતા. જો કે હજુ પણ કેટલીક શાળાઓમાં બાકી છે.

## (૨) અપંગોને અનુકૂળ શૌચાલયોની ખામી

૧૧૧. SSA ના પ્રાવધાન મુજબ ખાસ જરૂરિયાતવાળા બાળકો માટે શૌચાલયોના બાંધકામ કરવાના હતા. જેના નકશા અને વિવરણમાં ઢાળીઓ રસ્તો, રેલીંગ અને હેન્ડલનો સમાવેશ થાય છે. તેમ છતાં, સંયુકત સ્થળ મુલાકાત દરમ્યાન એવું જાણવા મળ્યું હતું કે ૩૦૦ શાળાઓ પૈકી ૨૪૬ શાળાઓમાં અપંગ બાળકો માટે અનુકૂળ હોય તેવા શૌચાલયો ન હતા. ૫૪ શાળાઓમાં, કે જયાં આવી સગવડો ઉભી કરાઇ હતી ત્યાં શૌચાલયોનું ખરેખર બાંધકામ ખામીયુકત જણાયું હતું અને મંજૂર થયેલ નકશા મુજબનું ન હતું. જેમાં ઢાળીયો રસ્તો પગથીયાવાળો અને કઠેડા તથા હેન્ડલ વિનાનો હતો. વળી તેના દરવાજા પણ સાંકડા હતા. જેને લીધે જે હેતુ માટે તે બાંધવામાં આવ્યા હતા તે હેતુ બર આવી શકયો ન હતો.

૧૧૨. GCEE એ ઓકટોબર, ૨૦૧૩માં જણાવ્યું હતું કે ભંડોળની ઉપલબ્ધતા પ્રમાણે જુદી જુદી શાળાઓમાં આ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

## (૩) પીવાના પાણીની સુવિધા વિનાની શાળાઓ

૧૧૩. GCEE પાસે ઉપલબ્ધ માહિતી મુજબ રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા હતી. તેમ છતાં ઓડિટના ધ્યાન પર આવ્યું કે સંયુકત સ્થળ મુલાકાત કરાયેલ ૩૦૦ શાળાઓ પૈકી ૧૭ શાળાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ ન હતી. આમ, રાજય સરકાર પાસે ઉપલબ્ધ માહિતી સાચી ન હતી. જેના કારણે વિદ્યાર્થીઓ પીવાના પાણીની મૂળભૂત સુવિધાથી વંચિત રહ્યા હતા. ૩૫ ટકા શાળાઓમાં વોટર પ્યુરીફાયર આપવામાં આવ્યા ન હતા અને જયાં આપવામાં આવ્યા હતા તેમાંની ૧૮ ટકા શાળાઓમાં તે કામ કરતા ન હતા.

૧૧૪. GCEE એ ઓક્ટોબર, ૨૦૧૩માં જવાબ આપ્યો હતો કે જે તે શાળાઓને પીવાનું પાણી પૂરું પાડવાની વ્યવસ્થા માટે સ્થાનિક WASMO કચેરીનો સંપર્ક સાધવાનું જણાવેલ છે.

## (૪) અવરોધયુક્ત પ્રવેશ (ઢાળીયા અને કઠેડા)

૧૧૫. શાળાઓના CWSN માટે અવરોધમુક્ત પ્રવેશની ખાત્રી આપવામાં આવી હોવા છતાં ૩૦૦ શાળાઓની કરાયેલ સંયુક્ત સ્થળ તપાસમાં જોવા મળ્યું હતું કે ૨૨ શાળાઓમાં ઢાળીયા અને કઠેડાની સવલત પૂરી પાડવામાં આવી ન હતી અને ૪૬ શાળાઓમાં ઢાળીયા બનાવવામાં આવ્યા હતા પરંતુ કઠેડા ન હતા.

## (૫) મધ્યાહ્ન ભોજનના રસોડા વિનાની શાળાઓ

૧૧૬. રસોડુ કમ સ્ટોર એ મધ્યાહ્ન ભોજન યોજના અને RTE ધારાનો એક મહત્વનો ઘટક છે. KCS નું ન હોવું અથવા અપૂરતી સુવિધાઓ બાળકોના સ્વાસ્થ્ય સંબંધી જોખમો ઉભા કરી શકે છે. KCS વર્ગખંડોથી અલાયદા અને સલામત જગ્યાએ પરંતુ સહેલાઇથી પહોંચી શકાય તેવા અંતરે બનાવવાના હતા.

૧૧૭. આમ છતાં ૩૦૦ શાળાઓની સંયુક્ત સ્થળ મુલાકાતમાં એવું જોવા મળ્યું હતું કે ૩૧ શાળાઓમાં KCSની સગવડ ન હતી અને ખુલ્લી જગ્યામાં રસોઇ બનતી હતી (રાતિયા પ્રા.શાળા ભૂજ) તે જ રીતે રોણકી પ્રા. શાળા, રાજકોટમાં બાળકો મેદાનમાં બેસીને તેમનું ભોજન લેતા હતા.

## (૬) શાળાઓમાં કંપાઉન્ડવોલની ખામી

૧૧૮. શાળાની સંપત્તિ તેમજ શાળાના બાળકોની સુરક્ષા માટે શાળાના મકાનોને કંપાઉન્ડ વોલ/વાડ પૂરી પાડવી જોઇએ. આમ છતાં ૩૦૦ શાળાઓની સંયુક્ત સ્થળ મુલાકાત દરમ્યાન જણાયું હતું કે ૨૨ શાળાઓમાં કંપાઉન્ડ વોલ બનાવવામાં આવી ન હતી.

## (૭) રમતના મેદાન વિનાની શાળાઓ

૧૧૯. શાળાઓની સંયુક્ત સ્થળ મુલાકાત દરમ્યાન એવું જોવા મળ્યું હતું કે ૩૦૦ શાળાઓ પૈકી ૯૨ શાળાઓમાં રમતગમતના સાધનો હોવા છતાં રમતના મેદાનો ઉપલબ્ધ ન હતા.

## (૮) વાંચનાલય વિનાની શાળાઓ

૧૨૦. RTE ધારા હેઠળ વર્તમાનપત્રો, સામાયિકો અને વાર્તાના પુસ્તકો સહિત બધા જ વિષયોને લગતાં પુસ્તકો પુરા પાડતા વાંચનાલયની બાંહેધરી આપવામાં આવે છે. ૩૦૦ શાળાઓની સંયુક્ત સ્થળ મુલાકાત દરમ્યાન જોવા મળ્યું હતું કે ૨૩૬ શાળાઓમાં પુસ્તકો ઉપલબ્ધ હોવા છતાં અલગ વાંચનાલયો ઉપલબ્ધ ન હતા.

## (૯) વિદ્યાર્થીઓ માટે પૂરતા પ્રમાણમાં ફર્નિચર વગરની શાળાઓ

૧૨૧. ૩૦૦ શાળાઓની સંયુકત સ્થળ મુલાકાતમાં જોવા મળ્યું હતું કે ૯૧ શાળાઓમાં બેંચ અને ડેસ્ક ન હતા. વિદ્યાર્થીઓ ભોંયતળિયા પર બેસીને અભ્યાસ કરતા હતા.

૧૨૨. GCEE એ જણાવ્યું હતું કે જયારે ભંડોળ ઉપલબ્ધ કરાશે ત્યારે જરૂરી માળખાકીય સુવિધાઓ શાળાઓને પુરી પાડવામાં આવશે. જે દર્શાવે છે કે RTE ધારો પસાર થયાની તારીખથી ચાર વર્ષ વિતી ગયા બાદ પણ તેમાં નિર્ધારીત ધારા–ધોરણોના અનુપાલનની ખાતરી અપાઇ ન હતી.

૧૨૩. ઉકત ફકરાની ચર્ચા દરમ્યાન વિભાગના પ્રતિનિધિએ આપેલ ખુલાસાથી સમિતિને સંતોષ ન થતાં સમિતિએ નીચે મુજબની ભલામણો કરે છે.

(૧) પ્રાથમિક જરૂરિયાતો જેવી કે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટેના અલગ ટોઇલેટસ, શુધ્ધ પીવા લાયક પાણીની વ્યવસ્થા પણ ઘણી શાળાઓમાં નથી. ખાસ કરીને ગરીબ અને શ્રમિક સ્લમ વિસ્તારોમાં આવેલ શાળાઓમાં પ્રાથમિક જરૂરિયાતો ખૂટતી હોય તો તે તાત્કાલિક પૂરી પાડવી.

(૨) આર.ઓ.પ્લાન્ટ ઘણી બધી જગ્યાએ ફાળવવામાં આવેલ છે. પરંતુ તેની સાથે પાણીનું જોડાણ અને પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાના કારણે આર.ઓ. પ્લાન્ટ ઉપયોગમાં લઇ શકાયા નથી. તેથી પાણીનું જોડાણ અને નિકાલની વ્યવસ્થા પૂર્ણ કરવી.

(૩) વિકલાંગ બાળકોને અનુકૂળ એવા રેમ્પવાળા શૌચાલયોની સુવિધા મળી શકે તે માટે વિભાગે પૂરતી કાળજી લેવી.

(૪) જે જગ્યાએ મધ્યાહ્ન ભોજન માટેના રસોડાઓની ઘટ છે તે પૂર્ણ કરવામાં આવે.

(૫) જે શાળાઓમાં રમતના મેદાન ઉપલબ્ધ નથી તેવી શાળાઓને આઇડેન્ટીફાઇ કરીને તે જગ્યાએ રમતના મેદાનની વ્યવસ્થા કરવી.

(૬) મોટાભાગની શાળાઓમાં શિક્ષકોની ઘટ છે તે તાત્કાલિક પૂર્ણ કરવી.

(૭) RTEના કાયદામાં બાળકોની સંખ્યા દીઠ શિક્ષકો ફાળવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ખાસ કરીને આદિવાસી વિસ્તાર અને કચ્છ જેવા વિસ્તારોમાં શિક્ષકોની ખૂબ મોટા પાયે ઘટ છે. આ ઘટ વાસ્તવિક રીતે નિવારી શકાય તે માટે અલાયદી વિચારણા કરવાની જરૂર જણાય છે. આદિવાસી વિસ્તારની શાળામાં જે તે વિસ્તારની જ વ્યકિતઓને શિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવે અને આ નિમણૂકને નોન ટ્રાન્સફરેબલ કરવી કે જેથી શિક્ષકોની ઘટ પૂરી શકાય. વધુમાં કેટલાક આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક આદિવાસી ભાષા બોલવામાં આવે છે તે જ રીતે કચ્છમાં કચ્છી ભાષા બોલવામાં આવે છે તેવા વિસ્તારોમાં તે ભાષાના જાણકાર હોય અને તે ભાષામાં બોલી શકતા હોય તેવા સ્પર્ધકોની ૧૦ ટકા જેટલી ટકાવારીમાં

અગ્રીમતા આપવાથી સ્થાનિક શિક્ષકો મળી શકે અને તે ભાષાનું સંવર્ધન થશે. તેમજ આ વિસ્તારના અશિક્ષિત વાલીઓ સાથે શિક્ષકનું કોમ્યુનિકેશન સરળતાથી થઇ શકશે. આ માટે વિભાગે આ દિશામાં વિચારણા કરી તેનો અમલ કરવો.

૧૨૪. આ ઉપરાંત સમિતિએ ખાનગી શાળામાં પ્રવેશ સમયે ડોનેશન લેવામાં આવે છે તે સંબંધમાં નીચે મુજબનું અવલોકન કર્યું હતું.

૧૨૫. RTE ના કાયદામાં શાળામાં પ્રવેશ આપવા સંબંધમાં સ્પષ્ટ જોગવાઇ છે કે જેટલી અરજીઓ આવી હોય તેનો જાહેરમાં અને અરજદારોની હાજરીમાં ડ્રો કરવો. આ જોગવાઇથી વિપરીત શિક્ષણ વિભાગે પરિપત્ર કર્યો છે કે અરજીઓનો ડ્રો કરવો અથવા તો વહેલા તે પહેલાના ધોરણે શૈક્ષણિક સંસ્થા એડમીશન આપી શકશે. સમિતિએ નોંધ્યું હતું કે વહેલા તે પહેલાનું ધોરણ સંસ્થાને મનગમતાને એડમિશન આપવા માટેનો દરવાજો ખોલી આપે છે.

૧૨૬. **આથી સમિતિ ભલામણ કરે છે કે RTE કાયદાની જોગવાઇને ચુસ્તપણે વળગી રહીને ડ્રો દ્વારા જ એડમીશન આપવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવે અને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાની વૈકલ્પિક વ્યવસ્થા આપતો પરિપત્ર રદ કરવામાં આવે.**

૧૨૭. RTE ના કાયદા નીચે જે બાળકોને પ્રવેશ આપવામાં આવે છે તે બાળકોને અન્ય બાળકોથી અલગ બેસાડવા કે અલગ વર્ગખંડ ઉભો કરવો તે કાયદાના મુખ્ય હાર્દથી વિરૂદ્ધ છે. RTEના કાયદાના અમલીકરણ અંગેના કેટલાક મુદ્દાઓના ઓડિટ પારાઓની ચકાસણી દરમ્યાન સમિતિના ધ્યાને આવ્યું હતું કે કેટલીક સંસ્થાઓમાં RTEના કાયદા નીચે જે ગરીબ બાળકોને પ્રવેશ આપવામાં આવે છે તેને અલગ બેસાડે છે અને તેને અન્ય બાળકોથી અલગ અપમાનિત થાય તેવી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. જે RTEના કાયદાથી આ બાબત વિપરીત છે. આ પ્રકારે કામ કરતી સંસ્થાઓને આર્થિક દંડ કરીને સંતોષ માની શકાય નહીં. આવી સંસ્થાઓ સામે કડક હાથે કામ લેવું જોઇએ અને જરૂર પડે તેની તમામ અસ્કયામતો જપ્ત કરીને સંસ્થાનું સંપૂર્ણ સંચાલન રાજ્ય સરકાર હસ્તક લઇ લેવું જોઇએ. આ અંગે જરૂર પડે કાયદાકીય પરિસ્થિતિ એમેન્ડ કરવી પડે તો એ પણ કરવી કે જેથી કરીને કેન્દ્રીય કાયદાનું બદઇરાદાથી અમલીકરણ નહીં કરતી સંસ્થાઓ છટકી શકે નહીં. RTEના કાયદા નીચે જે સંસ્થાને ગરીબ વિદ્યાર્થીઓ માટેની ૨૫ ટકા અનામત બેઠકો ફાળવવામાં આવેલ હોય અને પછી જે તે સંસ્થાને ફાળવેલ બાળકને એડમીશન નહીં આપવાની કોઇ છૂટ હોઇ શકે નહીં. જિલ્લા કક્ષાએ બનેલી સમિતિ ક્રાઇટેરીઆ મુજબની ચકાસણી કરીને સંસ્થાને વિદ્યાર્થી ફાળવી આપે ત્યારબાદ સંસ્થા, ક્રાઇટેરીઆ અંગે પુનઃચકાસણી કરી શકશે નહીં અને **ફાળવાયેલા બાળકને એડમીશનથી વંચિત રાખી શકશે નહીં. આવા પ્રકારની કોઇપણ ફરિયાદ સરકારને મળે તો તે સંસ્થાને કડક શિક્ષા કરવાની જવાબદારી વિભાગની છે. વિભાગે એ સુનિશ્ચિત કરવાનું રહે છે કે સંસ્થા RTEના કાયદા નીચે જે ગરીબ બાળકને ફાળવવામાં આવેલ હોય તેનું એડમીશન સુનિશ્ચિત કરે જ અને તેને શિક્ષણ મળે તે સુનિશ્ચિત**

**કરે તેવી આથી ભલામણ કરવામાં આવે છે. આર.ટી.ઈ.ના કાયદાના અમલીકરણ માટે હાઈસ્કૂલમાં ખાસ કરીને ગરીબ બાળકોના પ્રવેશ આપવાની બાબતમાં વર્ગ વધારાની આવશ્યકતા ઉભી થતી હોય ત્યાં વર્ગ વધારાની મંજૂરી આપવા પણ આથી સમિતિ ભલામણ કરે છે.**

**ફકરા ક્રમાંક– ૨.૩.૫ વધારાના અધૂરા કામો**

૧૨૮. GCEE દ્વારા RTE ધારા અંતર્ગત નિર્ધારીત કરેલા ધોરણોને આધારે શાળાઓમાં વર્ગખંડોના બાંધકામનું આયોજન કરવામાં આવે છે અને બાંધકામનું કામ SMC દ્વારા કરવામાં આવે છે. જમીનનો કબજો સોંપાયા બાદ ૯ થી ૧૦ મહિનામાં વર્ગખંડોના બાંધકામનું કામ પૂર્ણ કરવાનું હતું. આમ છતાં વર્ષ ૨૦૦૯–૧૦ થી ૨૦૧૧–૧૨ દરમિયાન ૪૦૭ વર્ગખંડોના બાંધકામ માટે SMCsને રૂ.૧૨.૮૧ કરોડ(બાંધકામ ખર્ચના ૭૫ ટકા) ની એડવાન્સ ચૂકવણી કરવામાં આવી હતી. આમ છતાં બાંધકામ પૂર્ણ કરવાની નિર્ધારીત તારીખથી એક થી ત્રણ વર્ષ વીતી જવા છતાં પણ માર્ચ,૨૦૧૩ સુધી પૂર્ણ થયા ન હતા. જેના પરિણામે રૂ.૧૨.૮૧ કરોડનું ભંડોળ સ્થગિત થઈ જવા પામ્યું હતું તથા વિદ્યાર્થીઓ વર્ગખંડના લાભથી વંચિત રહયા હતા. GCEEએ વિલંબ માટે આચાર્યો કે જેઓ SMCના વડા છે એમનું વ્યસ્ત સમયપત્રક અને જમીનના પ્રશ્નોના કારણો આગળ ધર્યા હતા. જે કારણો ગ્રાહય રાખી શકાય તેમ ન હતા. કારણકે આ દર્શાવે છે કે વર્ગખંડોના બાંધકામ માટે SMCની તૈયારી ખાત્રી કર્યા વિના જ એડવાન્સ ચૂકવણીઓ કરવામાં આવી હતી અને તે યોગ્ય આયોજનનો અભાવ ઉજાગર કરે છે.

૧૨૯. ઓડિટના ઉકત નિરીક્ષણ સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓ સાથેની રૂબરૂ ચર્ચા દરમ્યાન વિભાગના પ્રતિનિધિના જણાવ્યાનુસાર ૧૫ વર્ગખંડોનું બાંધકામ પૂર્ણ થયેલ નથી. વિભાગે મોકલી આપેલ પૂરક માહિતીમાં સમિતિએ નોંધ્યું હતું કે મોટાભાગના કિસ્સાઓમાં ઉચાપતના કારણે કામગીરી પૂર્ણ થઈ શકેલ નથી. ઉચાપતની રકમ કેટલાક કિસ્સાઓમાં ખૂબ મોટી છે જયારે અમુક કિસ્સાઓમાં હજારો રૂપિયાની છે. વધુમાં સમિતિએ એ પણ નોંધ્યું હતું કે મોટાભાગના કિસ્સામાં ઉચાપત કરનાર શિક્ષક કે આચાર્ય છે. આ સંજોગોમાં તેમના પગારમાંથી અથવા નિવૃત્ત થયા હોય તો તેમના પેન્શનમાંથી કે અન્ય નિવૃત્તિના લાભોમાંથી આ રકમ વસૂલ થઈ શકે. વિભાગે જ તેના ખુલાસામાં ઉચાપત થયેલી છે તેમ જણાવેલ છે. આ સંબંધમાં સમિતિએ જણાવ્યું કે ઉચાપત કરેલ રકમ પાછળથી જમા કરાવવામાં આવે તો પણ સરકારી નાણાંની ટેમ્પરરી ઉચાપત એ પણ એક ફોજદારી ગુનો બને છે અને તે સંજોગોમાં આવા તમામ કિસ્સાઓમાં તાત્કાલિક પોલીસ કેસ દાખલ કરવામાં આવે. સમિતિએ ભલામણ કરી હતી કે **ઉચાપત કરેલ રકમની વસૂલાત તેમના પગાર, પેન્શન અથવા નિવૃત્તિના લાભોમાંથી વસૂલ કરવામાં આવે. વધુમાં પોલીસ ફરિયાદની કામગીરી દિન–૧૫માં પૂર્ણ કરવામાં આવે અને રકમ વસૂલ કરવાની કામગીરી આગામી પગાર,**

**પેન્શન કે અન્ય નિવૃત્તિના લાભોમાંથી કાપવાની શરૂ કરવામાં આવે અને આ અંગે થયેલી કાર્યવાહીની જાણ સમિતિને મોકલી આપવામાં આવે.**

૧૩૦. આ સંબંધમાં વિભાગે તા.૨૧-૧૨-૧૬ના રોજ મોકલી આપેલ માહિતીમાં જણાવ્યાનુસાર પાટણ જિલ્લાના ગોકલપુરા (મસાલી) પ્રાથમિક શાળાના આચાર્ય મૃત્યુ પામેલ હોવાથી તેઓના વારસદાર દ્વારા એક લાખ રૂપિયા જમા કરાવવામાં આવેલ છે અને બાકીની નાણાંની વસૂલાત ગ્રેજ્યુઈટીમાંથી કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

૧૩૧. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી બનાસકાંઠા દ્વારા સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સંબંધિત આચાર્ય સામે પોલીસ કેસ કરી F.I.R.ની નકલ તાત્કાલિક મોકલી આપવા સૂચના આપેલ છે.

૧૩૨. ભાવનગર જિલ્લાના રાણીગામ પ્રાથમિક શાળાના એક ઓરડાનું કામ અગાઉના વર્ષનું હોવાથી વિના વિલંબે તાત્કાલિક પૂર્ણ કરવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સૂચના આપવામાં આવેલ છે.

૧૩૩. બાકી રહેલ જિલ્લાઓના આચાર્યશ્રીઓ પાસેથી ખરેખર કરવામાં આવેલ વસૂલાત અંગેની માહિતી વિભાગને મળેલ નથી તેમ જણાવેલ છે.

૧૩૪. **ઉક્ત વધારાની માહિતી ધ્યાને લેતાં ઉક્ત તમામ કિસ્સાઓ સંબંધમાં વસૂલાત કરવા અંગે વિભાગે કરેલ કાર્યવાહી તેમજ તેના પરિણામે રૂપે થયેલ વસૂલાત અંગેની અદ્યતન વિગતો સમિતિને મોકલી આપવા સમિતિ ભલામણ કરે છે.**

૧૩૫. ખર્ચમાં કરકસર કરવા માટે સમિતિએ સમિતિની કાર્યવાહીનો શબ્દશ: અહેવાલ નહી છાપવાનું નક્કી કર્યુ છે અને શબ્દશ: કાર્યવાહીની ત્રણ નકલો ગુજરાત વિધાનસભા ગ્રંથાલયમાં રાખવાનું નક્કી કર્યુ છે.

૧૩૬. ગુજરાત એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧ અને ઓડિટ-૨, નાણા વિભાગના સચિવ અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ તથા કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલી અમૂલ્ય સહાય બદલ સમિતિ તેમનો આભાર માને છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર
તા. ૦૭-૦૨-૨૦૧૭

**શકિતસિંહ ગોહિલ**
પ્રમુખ
જાહેર હિસાબ સમિતિ

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | ***શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ*** |
| ૧. | ૩.૬.૧ | નગરપાલિકા હિસાબી મેન્યુઅલ સપ્ટેમ્બર ૨૦૧૩માં સરકારની મંજૂરી માટે મોકલવામાં આવ્યા પછી તેના બે વર્ષ બાદ ઓગષ્ટ-૧૫માં સમિતિની બેઠક વખતે વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે હિસાબી મેન્યુઅલ કાયદા વિભાગમાં વેટ કરાવવા માટે મોકલવામાં આવેલ હોવાથી તે કાયદા વિભાગમાં પડતર છે. તત્સમયે અગ્ર સચિવ કક્ષાએ આ બાબતમાં રસ લેવા અને જરૂરી ફોલોઅપ કરીને તમામ વહીવટી પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરી નગરપાલિકા હિસાબી મેન્યુઅલનો ત્વરિત અમલ કરવા સમિતિએ ભલામણ કરી હતી. આ બાબતને દોઢ વર્ષ જેટલો સમય થવા આવ્યો હોવાથી સમિતિ માને છે કે નગરપાલિકા હિસાબી મેન્યુઅલને સરકારની મંજૂરી મળી ગઈ હશે અને તેનું અમલીકરણ શરુ થઈ ગયું હશે. આ બાબતની અદ્યતન પરિસ્થિતિથી સમિતિને માહિતગાર કરવા સમિતિ ભલામણ કરે છે. જો હજુ પણ આ બાબત પડતર રહેવા પામી હોય તો તેના માટે જે કોઈ જવાબદાર હોય તેની સામે જરૂરી કાર્યવાહી કરવા અને હવે વધુ વિલંબ ન કરતાં સત્વરે તેનો અમલ થાય તે જોવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨. | ૪.૧.૬ | સમિતિને લાગે છે કે ઉપર જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ રુલ્સ, ૨૦૧૬ બહાર પાડવામાં આવેલા છે અને તેના અનુસંધાનમાં State policy for solid waste management પણ બનાવવામાં આવનાર છે પરંતુ આ બધી પ્રક્રિયામાં સમય જશે. આથી શક્ય તેટલા વહેલા આ નિયમોને આખરી ઓપ આપવા અને તેનું નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ દ્વારા પાલન કરવામાં આવે તે બાબંત સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે. નવા નિયમો બને ત્યાં સુધી સન ૨૦૦૦ની સાલમાં બનેલા નિયમો અસ્તિત્વમાં છે તેનું ચુસ્તપણે પાલન થાય તે દિશામાં તકેદારી રાખવા સમિતિ ભલામણ કરે છે.<br><br>આ ફકરાની તપાસ વખતે સમિતિના સભ્યો દ્વારા અમદાવાદના પિરાણા ડમ્પીંગ સાઈટ પર કચરાના ઊંચા ઢગ ખડકાયા છે તેની ઊંચાઇ નિયમોથી વિરુદ્દધની છે તેમજ તે જગ્યાએ કચરાને બાળવાને કારણે પર્યાવરણને નુકસાન થાય છે તેથી પીરાણા ખાતે કચરાનું ડમ્પીંગ બંધ કરવામાં આવે તેમજ કેટલાક ઉદ્યોગો દ્વારા |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | સાબરમતી નદીમાં દૂષિત પાણી છોડવામાં આવે છે તે બંધ કરાવવા સંબંધમાં ઉદ્યોગો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સંબંધે તેમજ ગાંધીનગરથી નજીકમાં આવેલા કલોલ શહેરની નજીક પીયજ રોડ પર કચરો નિયત ડમ્પીંગ સાઈટના બદલે અન્યત્ર ઠાલવવામાં આવે છે તે અટકાવવા અંગે તેમજ સૈજપુર ગામના સ્ટોર્મ ડ્રેનેજના ગામતળના નાળા પર અનધિકૃત દબાણ થયેલ છે. પરિણામે વરસાદી પાણીનો નિકાલ થતો નથી અને વરસાદી પાણી ગામમાં ઘૂસી જાય છે.નામદાર હાઈકોર્ટ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કુદરતી પાણીના નિકાલને અવરોધી શકાય નહી તેવા ચૂકાદા આપવામાં આવેલ છે તે જોતાં સૈજપુર ગામના ગામતળના સ્ટોર્મ ડ્રેનેજના નાળા ઉપર થયેલ અનધિકૃત દબાણો તાત્કાલિક દૂર કરવા તેમજ કડી તાલુકાના ઈન્દ્રાડ ગામની આજુબાજુમાં આવેલ ફેકટરીઓ દ્વારા જમીનમાં મોટા હોલ બનાવી દૂષિત પાણી જમીનમાં ઠાલવવામાં આવે છે અને તેને કારણે કેટલાક ખેડૂતોના બોરમાંથી દૂષિત પાણી નીકળતું હોવાની ફરિયાદો સંબંધમાં વિભાગના પ્રતિનિધિનું ધ્યાન દોર્યું હતું. વિભાગના પ્રતિનિધિએ આ સંબંધમાં યોગ્ય તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેમ સમિતિને જણાવ્યું હતું. આથી સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉક્ત તમામ ફરિયાદો સંબંધે તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા અને જરૂર જણાય ત્યાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તપાસ કરાવી યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૩ | ૪.૧.૬.૨ | આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ તમામ નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ ઉભા થાય એના માટે વિભાગે ખાસ કાળજી લેવા સમિતિ ભલામણ કરે છે. |
| ૪ | ૪.૧.૬.૩ | જે તે સમયે MSWના એકત્રીકરણ માટે રોકેલા વાહનોની લોગબૂકની નિભાવણી થતી ન હતી તે સત્ય છે.આના અનુસંધાને સમિતિ બધી નગરપાલિકાઓ દ્વારા MSWના નિયમોનું ચૂસ્તપણે પાલન થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી ભલામણ કરે છે.<br><br>સમિતિ ભલામણ કરે છે કે બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ ન કરતી હોય તેવી હોસ્પિટલ/ક્લિનિકો સામે શિક્ષાત્મક કાર્યવાહી રૂપે ઉંચા-આર્થિક દંડની જોગવાઇ કરવી જોઇએ. જેથી આવી |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | કાર્યવાહી કરનારની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થઇ શકે. આ માટે કેન્દ્રીય કાયદામાં સુધારો કરવા માટે રાજય સરકાર કેન્દ્ર સરકારને ભલામણ કરે તેવી પણ સમિતિ ભલામણ કરે છે.<br><br>વધુમાં આર્થિક દંડ કરવાની સત્તા મ્યુનિસિપલ કોર્પોરેશન કાયદામાં મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે તેમજ મ્યુનિસિપાલિટીના કાયદામાં મ્યુનિસિપાલિટી પાસે છે. આ સત્તાનો ઉપયોગ કરીને બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ ન થતો હોય તેવી હોસ્પિટલો/કિલનિકો સામે દંડની કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૫ | ૪.૧.૬.૪ | MSWના નિકાલ માટેના નિયમોના શિડ્યુલ–IIમાં ઠરાવેલા ધોરણોનું નગરપાલિકાઓ દ્વારા પાલન કરવામાં આવતું ન હોવાનું જયારે ઓડિટે ધ્યાન દોર્યું ત્યારે ડિસેમ્બર–૨૦૧૩માં વિભાગે ઓડિટને જણાવ્યું હતું કે નગરપાલિકાઓની જરૂરિયાતો નક્કી કરવા માટેનો સર્વેક્ષણ પ્રગતિમાં છે, જે પૂર્ણ થયે નગરપાલિકાને સફેદ કચરા પેટીઓ પૂરી પાડવામાં આવશે. આથી આ સર્વેક્ષણ કયારે પૂર્ણ થયું અને કચરા પેટીની ખરીદી માટેના ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યા તેની માહિતી સમિતિને મોકલી આપવા અને આ બાબતમાં હવે વધુ વિલંબ ન કરતા નિયમોમાં ઠરાવ્યા મુજબના અલગ અલગ કલરના કન્ટેઇનરો નગરપાલિકાઓને વહેલી તકે પુરા પાડવા સમિતિ ભલામણ કરે છે.<br><br>ચર્ચા દરમ્યાન સમિતિના સભ્યો દ્વારા એ બાબત તરફ વિભાગનું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે રાજયમાં કેટલીક જગ્યાએ સ્કૂલની નજીક, અમુક જગ્યાએ ધાર્મિક સ્થાનની નજીક તેમજ કેટલીક જગ્યાએ રોડને અડીને કચરા પેટીઓ મૂકવામાં આવે છે, જેના કારણે કચરો રોડ પર ફેલાય છે. આથી નગરપાલિકા / મહાનગરપાલિકાઓ દ્વારા આવી રીતે સ્કૂલ કે ધાર્મિક સ્થાનની નજીક તેમજ રોડને અડીને કચરા પેટીઓ ન મૂકવા માટે વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડી જરૂરી સૂચના આપવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | ***પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ*** <br> ***(ગ્રામ વિકાસ પ્રભાગ)*** |
| ૬ | ૨.૧.૬.૨ | લાભાર્થી દ્વારા સમયસર ખર્ચ નહિ થવાના પરિણામે બીજા હપ્તા માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારમાં સમયસર નહીં કરવાના કારણે કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને મળતા નાણાંમાં જે કાપ થયો છે તેવો કાપ ભવિષ્યમાં ભોગવવો ન પડે તે માટે ઈન્દિરા આવાસ યોજના અંગે વિભાગ દ્વારા પૂરતું મોનીટરીંગ કરી લાભાર્થીને યોજના અંગે સમજણ અને યોગ્ય સહાયતા કરવામાં આવે જેથી ઝડપથી કામગીરી પૂર્ણ થઇ શકે અને સમયસર દરખાસ્ત કરી શકાય તે અંગે સમયસર જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૭ | ૨.૧.૭.૧ | આથી સમિતિ ભલામણ કરે છે કે આ રકમ શક્ય તેટલી વહેલી તકે ચૂકવી દેવી તેમજ ભવિષ્યમાં આ પ્રકારની ક્ષતિ ન રહે એની વિભાગ તરફથી કાળજી લેવામાં આવે. |
| ૮ | ૨.૧.૮.૧ | સમિતિને લાગે છે કે કામગીરીનું મૂલ્યાંકન કરવું હોય તો જે તે વર્ષનો લક્ષ્યાંક અને તેની સામે મેળવેલી સિદ્દિધ એ રીતે સરખામણી થવી જોઈએ. અગાઉના વર્ષોમાં ઠરાવવામાં આવેલા લક્ષ્યાંકની સિદ્દિધ પણ જે તે ચાલુ વર્ષમાં દર્શાવવામાં આવે તે બરાબર નથી. કામગીરીનું વર્ષવાર મૂલ્યાંકન થઈ શકે તે માટે હવેથી કયા વર્ષમાં કેટલા આવાસ માટેની યોજના મંજૂર થઈ , તે પૈકી જે તે વર્ષમાં કેટલા આવાસનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું અને જે તે વર્ષમાં મંજૂર થયેલ આવાસ પૈકી કેટલા આવાસનું બાંધકામ બાકી રહેવા પામેલ છે તેની માહિતી જે તે વર્ષવાર તૈયાર કરવાનું ધોરણ રાખવા સમિતિ ભલામણ કરે છે. <br><br> ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ઘર વિહોણાના આંકડા દર્શાવવામાં આવેલ છે તે તથા શ્રમ વિભાગ દ્વારા ૬૦ લાખ મજદૂરોના થયેલ સર્વેના આંકડાઓમાં ઘર કે પ્લોટ વિહોણા લોકોની સંખ્યાની બાબતમાં વિસંગતતા જોવા મળેલ છે. આથી ચોકકસ માહિતી સરકાર પાસેથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવા સમિતિ ભલામણ કરે છે. <br><br> જે ગામમાં સારી સરકારી રહેવા યોગ્ય ગામથી નજીક જમીન ઉપલબ્ધ હોય તે અગ્રતાના ધોરણે ગરીબ લાભાર્થીઓને જ ફાળવવી જોઈએ. મકાન કે પ્લોટ વિહોણા ગરીબ વ્યકિતઓને પસંદગીની પ્લોટ |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | માટેની જગ્યા ફાળવાયા પછી જ બાકી રહેતી જગ્યાને અન્ય કોઈને હરાજીથી ફાળવવી. ઘર વિહોણા કે પ્લોટ વિહોણા પરિવારોને રહેણાંક માટે ફાળવવામાં આવતી જગ્યા શક્ય હોય ત્યાં સુધી ગામથી એકદમ નજીક રસ્તા, પાણી, લાઇટ અને ગટરની વ્યવસ્થા સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવી અને સમથળ હોય તે સરકાર ખાસ સુનિશ્ચિત કરે તેવી સમિતિ ભલામણ કરે છે. વધુમાં જે ગામોમાં પ્લોટ કે ઘર વિહોણા વ્યક્તિઓ પોતાના પરિવાર કે મિત્રોના જૂથમાં પ્લોટ મેળવવા ઈચ્છતા હોય ત્યારે તેમને તેજ રીતે પ્લોટોની ફાળવણી થાય તે પણ સરકારે સુનિશ્ચિત કરવું જોઈએ તેવી પણ ભલામણ છે.<br><br>ગામડાંઓની ગ્રામ સભાઓમાં અમુક જગ્યાએ ચોક્કસ લોકોના પ્રભુત્વના કારણે અમુક લોકોને પ્લોટ માટેની જગ્યા માટે જો ઠરાવ ન થઈ શકતો હોય તો માત્ર ગ્રામ સભાનો ઠરાવ હોય તો જ પ્લોટ ફાળવી શકાય તેના બદલે સરકારી અધિકારીએ તંત્ર મારફત જરૂરિયાતમંદોનું સર્વે કર્યા પછી જરૂરિયાતમંદ વ્યક્તિને પ્લોટ કે ઘર મળે તે સરકારે સુનિશ્ચિત કરવું જોઈએ.<br><br>આદિવાસી વિસ્તારમાં પોતાના ખેતરમાં આવાસ બનાવવા ઈચ્છતા આદિવાસી પરિવારોને ગામતળનો આગ્રહ રાખ્યા સિવાય મકાન બનાવી શકે તેવી વ્યવસ્થા સરકારે કરવી જોઈએ તેવી પણ ભલામણ છે.<br><br>આથી સમિતિ ભલામણ કરે છે કે ઓછામાં ઓછી ૩ માસમાં એક વખત લેન્ડ કમિટીની મીટીંગ મળવી જ જોઈએ તે સરકાર સુનિશ્ચિત કરે અને જો ૩ મહિનામાં એક વખત લેન્ડ કમિટીની મીટીંગ ન મળે તો જે અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને લેન્ડ કમિટીની મીટીંગ મળવાની હોય તે અધિકારીની વ્યક્તિગત જવાબદારી ફિક્સ કરી તેમની સામે શિક્ષાત્મક પગલાં પણ ભરવામાં આવે. લેન્ડ કમિટીની મીટીંગમાં આવેલી તમામ અરજીઓનું મૂલ્યાંકન કરીને યોગ્યતાના ધોરણે તેનો નિકાલ કરવામાં આવે. |
| ૯ | ૨.૨.૭.૨ | આથી સમિતિ ભલામણ કરે છે કે વિભાગે નાણાના ઉપયોગ માટે સઘન પ્રયત્નો કરવા જોઈએ અને શૌચાલયની માગ ઝડપથી પૂર્ણ થાય તેની વિભાગે કાળજી રાખવી. |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| ૧૦ | ૨.૨.૯<br>૨.૨.૯.૧ | જે NGO પાસેથી વસૂલાતની રકમ બાકી હોય તે રકમ વિભાગે તાત્કાલિક વસુલ કરવી. યોજનાના અમલીકરણ માટેની કામગીરી સોંપવા માટે NGO ની ક્ષમતા, સફળતા કે ભૂતકાળનું મૂલ્યાંકન કરીને પસંદગી માટેની એક યાદી સરકારે બનાવવી. તેમજ NGOની પસંદગી કરવા માટે સરકારે બહોળી પ્રસિદ્ધિ કરીને જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતી અને ભવિષ્યમાં સરકારી યોજનાઓમાં જોડાવા માંગતી NGOની અરજીઓ મંગાવવી જોઇએ અને આ NGOની યાદી સરકારે પસંદગી માટે તૈયાર કરીને ગુજરાત સરકારની વેબસાઇટ ઉપર અથવા અન્ય પબ્લિક ડોમાઇનમાં મૂકવી જોઇએ તેમજ NGO પૈકીની કોઇની કામગીરી માટે ફરિયાદ હોય તો કોઈપણ નાગરિક એ ફરિયાદ સરકાર સુધી પહોંચાડી શકે તે માટેનું પ્લેટફોર્મ પણ ઉપલબ્ધ કરવા સમિતિ ભલામણ કરે છે.<br><br>DRDA પોરબંદર દ્વારા ચાર NGO ને ૩.૮.૮૩ લાખ રૂપિયા લોન પેટે આપવાના બદલે એડવાન્સ તરીકે આપવા બાબતની સમિતિની પૃચ્છાના જવાબમાં વિભાગના પ્રતિનિધિએ તપાસ કરીને સ્પષ્ટતા અહેવાલ રજૂ કરવામાં આવશે તેમ જણાવતાં સમિતિએ ૩૦ દિવસમાં યોગ્ય કાર્યવાહી કરવા અને તેની સમિતિને જાણ કરવા ભલામણ કરી હતી. આ અંગે શી કાર્યવાહી કરવામાં આવી તે અંગે જાન્યુ. ૨૦૧૭ સુધીમાં એટલે કે પાંચ માસનો સમય થવા છતાં વિભાગ તરફથી સમિતિને કોઈ જાણ કરવામાં આવી નથી. આના પરથી જણાય છે કે જાહેર હિસાબ સમિતિ જેવી મહત્વની સમિતિની રુબરૂમાં કરવામાં આવેલ સ્પષ્ટ ભલામણ તરફ પણ વિભાગ દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવ્યુ નથી. સમિતિ આ બાબતને ખૂબ ગંભીર ગણે છે અને આના માટે જવાબદાર હોય તેની સામે જરૂરી કાર્યવાહી કરવા અને ભવિષ્યમાં સમિતિ તરફથી રુબરૂ તપાસ વખતે જે કોઈ સૂચન / ભલામણ કરવામાં આવે તેના તરફ પૂરતુ ધ્યાન આપવા સમિતિ ભલામણ કરે છે. સમિતિની ઉક્ત ભલામણ સંબંધમાં શી કાર્યવાહી કરવામાં આવી તેની સમિતિને જાણ કરવામાં આવે. |
| ૧૧ | ૨.૨.૯.૨ | વિભાગના ખુલાસા અને ચર્ચા-વિચારણાને અંતે સમિતિ ભલામણ કરે છે કે જે એન.જી.ઓ કે સંસ્થાઓએ સરકારી યોજનાના અમલીકરણમાં યોગ્ય કામગીરી ન કરી હોય અથવા નાણાં ઉપાડ્યા પછી તેને યોગ્ય રીતે વાપર્યા ન હોય અને અંતે તેમની પાસેથી રીકવરીની પરિસ્થિતિ નિર્માણ |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | થઈ હોય તેવી એન.જી.ઓ/ સંસ્થાઓને બ્લેક લિસ્ટ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં એન.જી.ઓના નામે આવી ગેરરીતિ ન થાય. |
| ૧૨ | ૨.૨.૧૦.૧ | સમિતિ ભલામણ કરે છે કે ભવિષ્યમાં લક્ષ્યાંક સામે થયેલી સિદ્દિધના વાસ્તવિક આંકડાઓ જ દર્શાવવામાં આવે અને માત્ર ભૌતિક સિદ્દિધ વગર લક્ષ્યાંક સિદ્ધ થયેલા આંકડાઓ દર્શાવીને ખોટું ચિત્ર રજૂ ના થાય તેની વિભાગ કાળજી લે અને સરકાર પણ આ બાબત સુનિશ્ચિત કરે.<br><br>આદિવાસી વસતી ધરાવતા જિલ્લાઓમાં વિશેષ કાળજી રાખવામાં આવે અને લક્ષ્યાંક સિદ્ધ કરવાની દિશામાં રાજ્યના અન્ય જિલ્લાઓની સાથે આદિવાસી જિલ્લાઓનો લક્ષ્યાંક પણ ઉંચો રાખવામાં આવે. જેથી સિદ્દિધ પણ ઉંચી પ્રાપ્ત થાય અને પ્રગતિ પણ વધારે સારી રહે. આથી આ બાબતને પ્રાધાન્ય આપી જરૂરી કાળજી રાખવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૩ | ૨.૨.૧૩.૩ | ૨૦૧૧ની વસતી ગણતરી વખતે નોંધવામાં આવેલા કિસ્સાઓની તપાસ કરીને રાજ્યમાં એકપણ સેવા શૌચાલય કે વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં માણસો દ્વારા વિષ્ટા દૂર કરવાના કે પ્રાણીઓ દ્વારા વિષ્ટા દૂર કરવાના કોઈપણ કિસ્સા રહેવા પામ્યા નથી તે રાજ્ય સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે. |
| ૧૪ | ૨.૪ | આ ગંભીર ગેરરીતિના કિસ્સામાં ઘણો વિલંબ થયેલો છે. માટે હવે આગળની શિક્ષાત્મક કાર્યવાહીના તમામ તબક્કાઓ જેમ બને તેમ જલ્દી પૂરા કરીને આખરી શિક્ષાત્મક કાર્યવાહી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.<br><br>વધુમાં તપાસ હેઠળના ઑડિટ અહેવાલના ફકરા ક્રમાંક-૨.૨.૧૮માં ઓડિટ દ્વારા કેટલીક ભલામણો કરવામાં આવેલી છે. સમિતિને પણ આ ભલામણોમાં તથ્ય જણાયું છે. આથી તે ભલામણો સંબંધમાં જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | **શિક્ષણ વિભાગ** |
| ૧૫ | ૨.૨.૧૧.૨ | સમિતિ વિભાગે લીધેલાં પગલાંની નોંધ લે છે. સમિતિને લાગે છે કે પંચમહાલ જિલ્લાની ઘટના ઓડિટના ધ્યાને આવી પરંતુ આખા રાજ્યમાં અન્ય શાળાઓમાં આવી ઘટનાઓ બની હોય તો તેની પણ તપાસ કરી જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં ભરવા જોઈએ. આથી આ દિશામાં જરૂરી ચકાસણી કરાવવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૬ | ૨.૩.૨ | આ અંગે જે કોઈ જવાબદાર હોય તેની સામે પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે અને હવે બનતી ત્વરાએ અને મોડામાં મોડા ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં ઓડિટ થઈ જવું જ જોઈએ. આમ છતાં નાણાકીય વર્ષના અંત સુધીમાં ઓડિટ ન થાય તો તેના વિલંબ માટે પણ જવાબદારી નક્કી કરી જવાબદાર અધિકારી સામે યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૭ | ૨.૩.૩.૧ | સમિતિ ભલામણ કરે છે કે ભવિષ્યમાં કોઇપણ શાળા યોગ્ય વાતાવરણવાળા મકાનથી વંચિત ન રહે તે અંગે વિભાગે જરૂરી કાર્યવાહી કરવી. |
| ૧૮ | ૨.૩.૩.૨ | જે શાળાઓમાં પૂરતા વર્ગખંડો નથી ત્યાં RTEના કાયદા અનુસાર જેટલા વર્ગખંડો હોવા જોઇએ તે મુજબ જોગવાઇ કરી પૂરતા પ્રમાણમાં વર્ગખંડોના બાંધકામ માટે યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૯ | ૨.૩.૪ | (૧) પ્રાથમિક જરૂરિયાતો જેવી કે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટેના અલગ ટોઈલેટસ, શુધ્ધ પીવા લાયક પાણીની વ્યવસ્થા પણ ઘણી શાળાઓમાં નથી. ખાસ કરીને ગરીબ અને શ્રમિક સ્લમ વિસ્તારોમાં આવેલ શાળાઓમાં પ્રાથમિક જરૂરિયાતો ખૂટતી હોય તો તે તાત્કાલિક પૂરી પાડવી.<br>(૨) આર.ઓ.પ્લાન્ટ ઘણી બધી જગ્યાએ ફાળવવામાં આવેલ છે. પરંતુ તેની સાથે પાણીનું જોડાણ અને પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાના કારણે આર.ઓ. પ્લાન્ટ ઉપયોગમાં લઈ શકાયા નથી. તેથી પાણીનું જોડાણ અને નિકાલની વ્યવસ્થા પૂર્ણ કરવી.<br>(૩) વિકલાંગ બાળકોને અનુકૂળ એવા રેમ્પવાળા શૌચાલયોની સુવિધા મળી શકે તે માટે વિભાગે પૂરતી કાળજી લેવી.<br>(૪) જે જગ્યાએ મધ્યાહ્ન ભોજન માટેના રસોડાઓની ઘટ છે તે પૂર્ણ કરવામાં આવે. |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
| --- | --- | --- |
| | | (૫) જે શાળાઓમાં રમતના મેદાન ઉપલબ્ધ નથી તેવી શાળાઓને આઈડેન્ટીફાઈ કરીને તે જગ્યાએ રમતના મેદાનની વ્યવસ્થા કરવી.<br><br>(૬) મોટાભાગની શાળાઓમાં શિક્ષકોની ઘટ છે તે તાત્કાલિક પૂર્ણ કરવી.<br><br>(૭) RTEના કાયદામાં બાળકોની સંખ્યા દીઠ શિક્ષકો ફાળવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. ખાસ કરીને આદિવાસી વિસ્તાર અને કચ્છ જેવા વિસ્તારોમાં શિક્ષકોની ખૂબ મોટા પાયે ઘટ છે. આ ઘટ વાસ્તવિક રીતે નિવારી શકાય તે માટે અલાયદી વિચારણા કરવાની જરૂર જણાય છે. આદિવાસી વિસ્તારની શાળામાં જે તે વિસ્તારની જ વ્યકિતઓને શિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવે અને આ નિમણૂકને નોન ટ્રાન્સફરેબલ કરવી કે જેથી શિક્ષકોની ઘટ પૂરી શકાય. વધુમાં કેટલાક આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક આદિવાસી ભાષા બોલવામાં આવે છે તે જ રીતે કચ્છમાં કચ્છી ભાષા બોલવામાં આવે છે તેવા વિસ્તારોમાં તે ભાષાના જાણકાર હોય અને તે ભાષામાં બોલી શકતા હોય તેવા સ્પર્ધકોની ૧૦ ટકા જેટલી ટકાવારીમાં અગ્રીમતા આપવાથી સ્થાનિક શિક્ષકો મળી શકે અને તે ભાષાનું સંવર્ધન થશે. તેમજ આ વિસ્તારના અશિક્ષિત વાલીઓ સાથે શિક્ષકનું કોમ્યુનિકેશન સરળતાથી થઈ શકશે. આ માટે વિભાગે આ દિશામાં વિચારણા કરી તેનો અમલ કરવો.<br><br>આ ઉપરાંત સમિતિએ ખાનગી શાળામાં પ્રવેશ સમયે ડોનેશન લેવામાં આવે છે તે સંબંધમાં નીચે મુજબનું અવલોકન કર્યું હતું. તેમજ ભલામણ કરી હતી.<br><br>RTE ના કાયદામાં શાળામાં પ્રવેશ આપવા સંબંધમાં સ્પષ્ટ જોગવાઈ છે કે જેટલી અરજીઓ આવી હોય તેનો જાહેરમાં અને અરજદારોની હાજરીમાં ડ્રો કરવો. આ જોગવાઈથી વિપરીત શિક્ષણ વિભાગે પરિપત્ર કર્યો છે કે અરજીઓનો ડ્રો કરવો અથવા તો વહેલા તે પહેલાના ધોરણે શૈક્ષણિક સંસ્થા એડમીશન આપી શકશે. સમિતિએ નોંધ્યું હતું કે વહેલા તે પહેલાનું ધોરણ સંસ્થાને મનગમતાને એડમિશન આપવા માટેનો દરવાજો ખોલી આપે છે.<br><br>આથી સમિતિ ભલામણ કરે છે કે RTE કાયદાની જોગવાઈને ચુસ્તપણે વળગી રહીને ડ્રો દ્વારા જ એડમીશન આપવામાં આવે તે |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
| --- | --- | --- |
| | | સુનિશ્ચિત કરવામાં આવે અને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાની વૈકલ્પિક વ્યવસ્થા આપતો પરિપત્ર રદ કરવામાં આવે.<br><br>RTE ના કાયદા નીચે જે બાળકોને પ્રવેશ આપવામાં આવે છે તે બાળકોને અન્ય બાળકોથી અલગ બેસાડવા કે અલગ વર્ગખંડ ઉભો કરવો તે કાયદાના મુખ્ય હાર્દથી વિરૂદ્ધ છે. RTEના કાયદાના અમલીકરણ અંગેના કેટલાક મુદ્દાઓના ઓડિટ પારાઓની ચકાસણી દરમ્યાન સમિતિના ધ્યાને આવ્યું હતું કે કેટલીક સંસ્થાઓમાં RTEના કાયદા નીચે જે ગરીબ બાળકોને પ્રવેશ આપવામાં આવે છે તેને અલગ બેસાડે છે અને તેને અન્ય બાળકોથી અલગ અપમાનિત થાય તેવી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. જે RTEના કાયદાથી આ બાબત વિપરીત છે. આ પ્રકારે કામ કરતી સંસ્થાઓને આર્થિક દંડ કરીને સંતોષ માની શકાય નહીં. આવી સંસ્થાઓ સામે કડક હાથે કામ લેવું જોઇએ અને જરૂર પડે તેની તમામ અસ્કયામતો જપ્ત કરીને સંસ્થાનું સંપૂર્ણ સંચાલન રાજ્ય સરકાર હસ્તક લઇ લેવું જોઇએ. આ અંગે જરૂર પડે કાયદાકીય પરિસ્થિતિ એમેન્ડ કરવી પડે તો એ પણ કરવી કે જેથી કરીને કેન્દ્રીય કાયદાનું બદઇરાદાથી અમલીકરણ નહીં કરતી સંસ્થાઓ છટકી શકે નહીં. RTEના કાયદા નીચે જે સંસ્થાને ગરીબ વિદ્યાર્થીઓ માટેની ૨૫ ટકા અનામત બેઠકો ફાળવવામાં આવેલ હોય અને પછી જે તે સંસ્થાને ફાળવેલ બાળકને એડમીશન નહીં આપવાની કોઇ છૂટ હોઇ શકે નહીં. જિલ્લા કક્ષાએ બનેલી સમિતિ ક્રાઇટેરીઆ મુજબની ચકાસણી કરીને સંસ્થાને વિદ્યાર્થી ફાળવી આપે ત્યારબાદ સંસ્થા ક્રાઇટેરીયા અંગે પુનઃચકાસણી કરી શકશે નહીં અને ફળવાયેલા બાળકને એડમીશનથી વંચિત રાખી શકશે નહીં. આવા પ્રકારની કોઇપણ ફરિયાદ સરકારને મળે તો તે સંસ્થાને કડક શિક્ષા કરવાની જવાબદારી વિભાગની છે. વિભાગે એ સુનિશ્ચિત કરવાનું રહે છે કે સંસ્થા RTEના કાયદા નીચે જે ગરીબ બાળકને ફાળવવામાં આવેલ હોય તેનું એડમીશન સુનિશ્ચિત કરે જ અને તેને શિક્ષણ મળે તે સુનિશ્ચિત કરે તેવી આથી ભલામણ કરવામાં આવે છે. આર.ટી.ઇ.ના કાયદાના અમલીકરણ માટે હાઇસ્કૂલમાં ખાસ કરીને ગરીબ બાળકોના પ્રવેશ આપવાની બાબતમાં વર્ગ વધારાની આવશ્યકતા ઉભી થતી હોય ત્યાં વર્ગ વધારાની મંજૂરી આપવા પણ આથી સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ | ફકરા ક્રમાંક | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| ૨૦ | ૨.૩.૫ | ઉચાપતને લગતા તમામ કિસ્સાઓ સંબંધમાં તાત્કાલિક વસૂલાત કરવા અને તે અંગે વિભાગે કરેલી કાર્યવાહી તેમજ તેના પરિણામ રૂપે થયેલ વસૂલાત અંગેની અદ્યતન વિગતો સમિતિને મોકલી આપવા સમિતિ ભલામણ કરે છે. |

--------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.